પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૯૪ • કુલ પાના : ૪ • તારીખ : ૧૨-૦૪-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# રામ નવમીના શોભાયાત્રામાં ત્રણ સ્થળોએ કોમી અથડામણ, દુકાનો અને વાહનોને નુકસાન

## હિંમતનગરમાં ૬૦૦ લોકોના ટોળા સામે ગુનો દાખલ, ખંભાતમાં ત્રણ મૌલવી સહિત આઠની અટકાયત

અમદાવાદ,

રામ નવમીની શોભાયાત્રા દરમિયાન રાજ્યમાં ત્રણ સ્થળોએ હિંસા થઈ હતી. દ્વારકા, હિંમતનગર અને ખંભાત શહેરમાં રામ નવમીની શોભાયાત્રા દરમિયાન બે સમુદાયો વચ્ચે કોમી અથડામણ થઈ હતી. આ દરમિયાન લોકોએ એકબીજા પર પથ્થરમારો પણ કર્યો હતો. જેના કારણે ઘણી દુકાનો અને વાહનોને નુકસાન થયું છે. પોલીસે સ્થિતિને કાબુમાં લેવા માટે ટીયર ગેસના સેલ છોડવા પડ્યા હતા.



પ્રાપ્ત માહિતી અનુસાર ઘાયલોની સંખ્યા અંગે હજુ સુધી કોઈ માહિતી નથી. પોલીસના જણાવ્યા અનુસાર, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના છાપરિયા વિસ્તારમાં બપોરે રામનવમીની શોભાયાત્રા નીકળી ત્યારે બે સમુદાયના લોકોએ એકબીજા પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. બાદમાં પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે શહેરની બહારથી વધારાનો પોલીસ દળ પણ તૈનાત કરવામાં આવ્યો હતો. હિંમતનગરમાં પથ્થરમારા મામલે ફરિયાદ નોંધવામાં આવી છે. અસામાજિક તત્વો સામે ત્રણ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે જેમા ચાર લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. વાહનોમાં આગચંપી, નુકસાન કરવા અંગે ચાર સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ પર હુમલાના કેસમાં એલસીબી પીઆઈએ ફરિયાદ નોંધી છે. ૩૩ લોકો સહિત ૬૦૦ના ટોળાં સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે આ સાથે બે લોકોની અટકાયત કરવામાં આવી છે. જ્યારે ખંભાતમાં થયેલા પથ્થરમારા મામલે ત્રણ મૌલવી સહિત આઠ વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે.

હિમતનગરમાં કોમી હિંસા વધુ વકરે તે પહેલા પ્રશાસને પરિસ્થિતિને કાબુ લેવા માટે અગમચેતી પગલાં લીધા છે. હાલમાં હિમતનગરમાં ૧૪૪ની કલમ અમલી કરી દીધી છે. શહેરની તંગ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ૬ વિસ્તારોમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે,શહેરમા અસમાજિક તત્વો દ્વારા શાંતિ ડોહલાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે ,તેથી આ પગલાં લેવામાં આવી રહ્યા છે.આ હિંસા મામલે કલેકટરે જાહેરનામું બહાર પાડ્યું છે. આ કલમ ૧૪૪ ૧૩ એપ્રિલ સુધી અમલી બની રહેશે.

કંટ્રોલ રૂમના અધિકારીએ જણાવ્યું હતું કે આણંદ જિલ્લાના ખંભાત શહેરમાં રામ નવમીની શોભાયાત્રા દરમિયાન અથડામણ થઈ હતી, જેમાં પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ દરમિયાન દુકાનો અને વાહનોને નુકસાન થયાના અહેવાલ છે.આણંદ જિલ્લાના ખંભાત શક્કરપુર વિસ્તારમાં બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. રામનવમી નિમિતે નીકળેલી શોભાયાત્રાના વાહનો પર પથ્થરમારો થયો હતો. જેના કારણે આણંદ પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. જોકે પોલીસે તાત્કાલિક સ્થિતી પર કાબૂ મેળવી લીધો હતો.

## રામનવમીની શોભાયાત્રાની જૂથ અથડામણમાં વૃદ્ધનું મોત, હજારો લોકો અંતિમયાત્રામાં જોડાયા

ખંભાત,

ગઈકાલે રવિવારે ખંભાતમાં રામનવમીના પર્વે નીકળેલી શોભાયાત્રા પર થયેલા પથ્થરમારાને પગલે કોમી તંગદિલી વ્યાપી હતી. આ ગંભીર બનાવને પગલે પોલીસનો કાફલો મોટી સંખ્યામાં ઘટના સ્થળે ઉમટી પડ્યો હતો. જો કે આ જૂથ અથડામણમાં ખંભાતના એક વ્યક્તિ કનૈયાલાલ રાણાનું મોત નીપજ્યું હતું. જેમની અંતિમયાત્રા નીકાળવામાં આવી હતી. વાજતે ગાજતે બેન્ડ વાજા સાથે મૃતકની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. તેમજ અંતિમયાત્રામાં જય શ્રી રામના નારા લાગ્યા હતા. બનાવના સ્થળે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેમાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ખંભાત શહેરના શક્કરપુરા વિસ્તારમાં આવેલા રામજી મંદિરે રવિવારે રામ નવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે બપોરના સુમારે મંદિરમાં ભગવાન રામની શોભાયાત્રા નીકળી હતી. જોકે, આ શોભાયાત્રા રસ્તામાં આવતી દરગાહ નજીકથી પસાર થતા પથ્થરમારો શરૂ થઇ ગયો હતો. જેના પગલે નાસભાગ મચી ગઈ હતી.



આ સમગ્ર કોમી રમખાણમાં ખંભાતના એક વૃદ્ધનું મોત નીપજ્યું હતું. જેમાં સમાજના આગેવાનોએ ૩૦૨ની કલમ લગાવવાના અને તહોમતદારોની ધરપકડ કરવાની શરતે જ લાશ સ્વીકારવાની શરત મૂકી હતી, જે આજે સવારે પૂર્ણ થતાં સમાજના લોકોએ મૃતકની અંતિમક્રિયા હાથ ધરી હતી. આ અંતિમ યાત્રામાં લોકોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. લાશના પીએમ બાદ તે પરિવારને સોંપવામાં આવી હતી. મૃતકની અંતિમયાત્રામાં સ્થાનિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. પોલીસ કાફલાના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી.

નોંધનીય છે કે ગઈકાલે બનેલા ગંભીર બનાવને પગલે પોલીસ કાફલો મોટી સંખ્યામાં ઘટના સ્થળે પહોંચ્યો હતો. આ સમગ્ર ઘટનાને પગલે રાયોટિંગના ગુનામાં પોલીસ દ્વારા ૯ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જ્યાં હત્યા મામલે પોલીસની તપાસ હજુ ચાલુ છે.


## અમરનાથ યાત્રા માટે દેશની ત્રણ બેંકોમાં રજિસ્ટ્રેશન શરૂ કરાવી શકાશે

શ્રીનગર,

આગામી અમરનાથ યાત્રા માટે શ્રધ્ધાળુઓ આજથી રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ યાત્રા આગામી ૩૦ જૂનથી શરૂ થશે અને ૧૧ ઓગસ્ટે રક્ષાબંધનના દિવસે સંપન્ન થશે.જે રજિસ્ટ્રેશન માટે દેશભરમાં ત્રણ બેંકોની ૪૬૬ શાખાઓમાં સુવિધા ઉપલબ્ધ કરાઈ છે.



જે રજિસ્ટ્રેશનની સુવિધા પંજાબ નેશનલ બેંક,જમ્મુ કાશ્મીર બેંક,યેસ બેંકની ૪૬૬ શાખાઓમાં ઉપલબ્ધ કરાઈ છે.આ યાત્રા માટે જરૂરી સ્વાસ્થ્ય પ્રમાણપત્ર માટે રાજ્યોની વિભિન્ન હોસ્પિટલોમાં વ્યવસ્થા કરાઈ છે.અમરનાથ યાત્રા માટે ૧૩ વર્ષથી નીચેના અને ૭૫ વર્ષથી વધુ વયના લોકો માટે પ્રતિબંધ છે.



## પંજાબ કોંગ્રેસ બાદ યુપી સરકારનું ટ્વિટર એકાઉન્ટ હેક કરવામાં આવ્યું

લખનૌ,

પંજાબ કોંગ્રેસ બાદ હવે યુપી સરકારનું ટ્વિટર એકાઉન્ટ પણ હેક થયું છે. આ એકાઉન્ટ પરથી એ જ ટ્વીટ કરવામાં આવ્યું હતું જે પંજાબ કોંગ્રેસના એકાઉન્ટથી કરવામાં આવ્યું હતું. આ સિવાય ઘણા વિદેશી હેન્ડલ્સને પણ આ એકાઉન્ટ સાથે ટેગ કરવામાં આવ્યા છે. હાલમાં, સરકાર તેને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી સતત થઈ રહેલા સાયબર હુમલા બાદ અનેક સવાલો પણ ઉભા થઈ રહ્યા છે. સતત હેક થઈ રહેલા ટ્વિટરના સરકારી એકાઉન્ટની પણ તપાસ કરવામાં આવી રહી છે.

શુક્રવાર-શનિવાર મધ્યરાત્રિએ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી કાર્યાલયનું સત્તાવાર ટ્વિટર હેન્ડલ થોડા સમય માટે હેક થઈ ગયું હતું. શનિવારે લખનઉના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આ સંબંધમાં કેસ નોંધવામાં આવ્યો હતો. રાત્રે લગભગ ૨૯ મિનિટ સુધી એકાઉન્ટ હેક કરવામાં આવ્યું હતું. હેકરે એકાઉન્ટમાંથી ૪૦૦ થી ૫૦૦ ટ્વીટ્સ કર્યા અને અસામાન્ય પ્રવૃત્તિ માટે એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું. સરકારે કહ્યું કે સાયબર નિષ્ણાતો દ્વારા આ મામલાની તપાસ કર્યા બાદ તેના માટે જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

પંજાબ કોંગ્રેસનું સત્તાવાર ટ્વિટર હેન્ડલ હેક થઈ ગયું છે. હેકિંગ બાદ એનએફટી ટ્રેડિંગ વિશે એક ટ્વિટ કરવામાં આવ્યું છે. તેમજ હેકર્સે ઘણા અજાણ્યા લોકોને ટેગ કરીને ઘણી ટ્વિટ કરી છે. આ સાથે હેકર્સે ઘણા અજાણ્યા લોકોને ટેગ કરીને ઘણી ટ્વિટ કરી છે. હેકર્સે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની તસવીર પણ પોસ્ટ કરી છે. આ તસવીરના કેપ્શનમાં લખ્યું છે —સાચું ભારત. તે જ સમયે, કોંગ્રેસ ખાતું પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે.

ઈન્ડિયા મેટોરોલોજીકલ ડિપાર્ટમેન્ટનું ટ્વિટર હેન્ડલ શનિવારે રાત્રે જ હેક કરવામાં આવ્યું હતું, જો કે તેને પછીથી રિસ્ટોર કરવામાં આવ્યું હતું.આ હેકિંગ પાછળ કોણ છે તે તરત જ સ્પષ્ટ થયું નથી. હેકરે એકાઉન્ટમાંથી ૪૦૦ થી ૫૦૦ ટ્વીટ્સ કર્યા અને અસામાન્ય પ્રવૃત્તિ માટે એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું. સરકારે કહ્યું કે સાયબર નિષ્ણાતો દ્વારા આ મામલાની તપાસ કર્યા બાદ તેના માટે જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## સાંસદ નિધિ યોજના હેઠળ પૂર્વ સાંસદોના ૧,૭૨૩ કરોડ રૂપિયા ખર્ચ થયા નથી

નવીદિલ્હી,

સંસદ સભ્ય સ્થાનિક ક્ષેત્ર વિકાસ નિધિ (એમપીલૈંડ) યોજના હેઠળ પૂર્વવર્તી સાંસદોની ૧,૭૨૩ કરોડ રૂપિયાની રકમ ખર્ચ કરાઇ શકી નથી સરકારે સંસસદની એક સમિતિને આ માહિતી આપી છે. સરકારે જણાવ્યું છે કે બચેલ રકમનો ઉપયોગ ત્યારે જ કરી શકાય છે જયારે પૂર્વવર્તી સાંસદોના તમામ અનુમોદિત કાર્ય પુરા થઈ જાય અને તેમના બેંક ખાતા બંધ કરી દેવામાં આવે.

આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે સંસદની પ્રાકકલન સમિતિને જણાવ્યું છે કે સાંસદ નિધિ યોજના હેઠળ પૂર્વવર્તી સાંસદની રકમનો બાદના સાંસદ દ્વારા સીધી રીતે ઉપયોગ કરી શકાતો નથી એપ્રિલમાં એમપીલૈંડ કોષ યોજના હેઠળ નિધિની ફાળવણી અને ઉપયોગની સમીક્ષા વિષય પર લોકસભામાં રજુ પ્રાકકલ સમિતિના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પૂર્વવર્તી સાંસદોની ૧,૭૨૩ કરોડ રૂપિયાની રકમ ખર્ચ કરી શકાય નહીં.

સમિતિએ સરકારને કહ્યું છે કે તેને આશા છે કે મંત્રાલય આટલી મોટી રકમને બેકાર પડી રહેવાથી જોડાયેલ સમસ્યાઓની ઓળખ કરશે અને આ સંબંધમાં થયેલ પ્રગતિથી માહિતગાર કરાવશે રિપોર્ટ અનુસાર ૧૬મી લોકસભઊામાં એમપીલૈંડ યોજના અધીન સાંસદોની ૪૭૦ હપ્તા હેઠળ ૧,૧૭૫ કરોડ રૂપિયાની રકમ લંબિત છે.

સરકારી આંકડા અનુસાર નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૯માં બે હપ્તા હેઠળ પાંચ કરોડ,૨૦૧૬-૧૭માં ૨૨ હપ્તા હેઠળ ૫૫ કરોડ રૂપિયા,૨૦૧૭-૧૮માં ૯૧ હપ્તા હેઠળ ૨૨૭ કરોડ રૂપિયા અને ૨૦૧૮-૧૯માં ૩૫૫ હપ્તા હેઠળ ૮૮૭ કરોડ રૂપિયાની રકમ લંબિત છે. મંત્રાલયે એ પણ કહ્યું કે ૧૭મી લોકસભાના સંબંધમાં નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૦૨ હપ્તા લંબિત છે. એ યાદ રહે કે એમપીલૈંડ યોજના કોવિડ મહામારી દરમિયાન બે વર્ષ (૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨) માટે નિલંબિત કરી કરી દેવામાં આવી હતી હકીકતમાં પ્રત્યેક સાંસદને બે કરોડ રૂપિયાનો એક હપ્તો જારી કરી તેને ૨૦૨૧-૨૨ની બાકી મુદ્દત માટે બહાલ કરી દેવામાં આવી છે.

### ઓન લાઈન ટેન્ડરીંગ

### માર્ગ અને મકાન વિભાગ ગુજરાત સરકાર

### જાહેર નિવિદા-૦૧ સને : ૨૦૨૨-૨૩ (સાતમો પ્રયત્ન)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા–૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી નવીન રેલ્વે અન્ડર બ્રીજના કામ માટે ઓનલાઈન ટેન્ડર બી.૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૪૫૫.૮૨ લાખની છે.

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૧૯.૪.૨૨, ૧૨ : ૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા.૧૯.૪.૨૨, ૧૮:૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓનલાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોકયુમેન્ટસ અત્રેની કચેરીમાં ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૧૯.૪.૨૨ થી તા.૨૬.૪.૨૨ નાં રોજ સાંજના ૧૮ : ૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાંધવા વિનંતી.

માહિતી/ગોધરા/૩૫/૨૦૨૨

## ભાજપ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં બે રાજયોના મુખ્યમંત્રીઓને મનાવશે

નવીદિલ્હી,

રામનાથ કોવિંદની મુદત જુલાઈમાં પૂરી થવાની છે પણ એ પહેલાં જ ભાજપે રાષ્ટ્રપતિપદની ચૂંટણી માટે સોગઠાં ગોઠવવા માંડયાં છે. ભાજપે રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં પોતાનો ઉમેદવાર ચૂંટાય એ માટે નવિન કુમાર પટનાઈક અને જગન મોહન રેડ્ડીને પોતાની તરફ ખેંચવાના પ્રયત્નો અત્યારથી શરૂ કરી દીધા છે. પટનાઈક અને જગન સાથે વાત કરવાની જવાબદારી અમિત શાહને સોંપાઈ હોવાનું કહેવાય છે. ભાજપે પોતાના ઉમેદવારને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીતાડવો હોય તો ઈલેક્ટોરલ કોલેજના ૫,૪૯,૪૫૨ મત મેળવવા પડે. હાલમાં ભાજપ અને સાથી પક્ષો પાસે જરૂરી બહુમતી કરતાં ૯ હજાર મત ઓછા છે. પટનાઈકની બીજુ જનતા દળ કે જગનની વાયએસઆર કોંગ્રેસ પાર્ટીમાંથી એક પક્ષ પણ ભાજપના ઉમેદવારને ટેકો આપે તો આ ખોટ પૂરી શકાય તેમ છે. ભાજપની પહેલી પસંદ જગન છે પણ પ્લાન બી તરીકે નવિન પટનાઈકનો પણ સંપર્ક કરાશે.

વિપક્ષો એક થઈને સંયુક્ત ઉમેદવાર ઉભો નહીં રાખે એવું પણ ભાજપ માને છે પણ માનો કે, વિપક્ષો એક થઈ જાય તો તકલીફ ના પડે એ ભાજપનો ઉદ્દેશ છે.

## અમદાવાદમાં ૪૧ ડિગ્રી તાપમાન રહેવાની સંભાવના, કચ્છમાં બે દિવસ યલો એલર્ટ

અમદાવાદ,

સમગ્ર રાજ્યમાં હાલમાં આગ ઝરતી ગરમી પડી રહી છે. લોકો કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યા છે. જો કે, અમદાવાદ સહિત રાજ્યના અનેક શહેરોમાં સતત બીજા દિવસે તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધવામાં આવ્યો છે. રવિવારે ખેડામાં ૪૫ ડિગ્રી સાથે સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. વળી, કંડલા એરપોર્ટમાં ૪૩, અમદાવાદમાં ૪૧.૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધવામાં આવ્યુ હતુ. હવામાન વિભાગની આગાહી મુજબ અમદાવાદમાં બેથી ત્રણ દિવસ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. કચ્છમાં ગરમીના પ્રકોપને પગલે બે દિવસ માટે હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.

રાજ્યભરમાં આગામી ત્રણથી ચાર દિવસ તાપમાનમાં સ્થિરતા રહેવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. રવિવારે રાજકોટ, અમરેલી, જૂનાગઢમાં પણ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીથી વધુ નોંધાયુ હતુ. ખેડામાં ૪૫ ડિગ્રી સાથે રેકોર્ડબ્રેક ગરમી નોંધાઈ હતી. જો કે, રાજ્યમાં વડોદરા, ભૂજ, ડીસા, ગાંધીનગર, ભાવનગરમાં છેલ્લા બે દિવસની તુલનામાં તાપમાનમાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો.

અમદાવાદની વાત કરીએ તો રવિવારે દિવસ દરમિયાન ૪૧.૨ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતા બે ડિગ્રી વધુ નોંધાયુ હતુ. આગામી ત્રણ દિવસ સુધી અમદાવાદનુ તાપમાન ૪૧ ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના છે પરંતુ ૨૧ એપ્રિલ સુધી ફરથી અમદાવાદમાં તાપમાન ૪૨ ડિગ્રી વધી શકે છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર મામલતદાર કચેરીમાં જનજાગૃતિ માટે પોસ્ટર લગાવવામાં આવ્યા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર મામલતદાર કચેરીમાં કચેરીને આવતાં અરજદારો માટે કચેરીમાં કર્મચારી અધિકારી લાંચરૂશ્વત માંગે તો એસીબીમાં ટોલ ફ્રી નંબર આપેલો છે અને નજીકના પોલીસ સ્ટેશનમાં ફોન કરીને સંપર્ક કરી શકો છો સંતરામપુર મામલતદાર કચેરીમાં મામલતદાર કે.જે વાઘેલા કચેરીમાં આવતા અરજદારો માટે જનજાગૃતિ અને અલગ-અલગ શાખાઓમાં કચેરીના જાહેર જગ્યા ઉપર આ રીતના જનજાગૃતિના પોસ્ટર મારીને લોકોને માર્ગદર્શન આપ્યું હતું. જણાવેલું કે પોસ્ટર લાગેલું છે કઈ વાંચી લેવો અને કોઈપણ કર્મચારી કે અધિકારી લાખ રૂપિયાની માંગણી કરે તો તાત્કાલિક ફોન કરી દેવો કેમ ને જાણ કરવી આ રીતે કે જે વાઘેલા પોસ્ટર લગાવી મહીસાગર કલેકટર શ્રી ને રિપોર્ટ કરેલો છે જો આ રીતે મામલતદાર કચેરીમાં જનજાગૃતિ માટે લાંચરૂશ્વતના પોસ્ટર લાગતા હોય તો તો સંતરામપુરની તમામ સરકારી કચેરીમાં પોસ્ટર લગાવવા જોઈએ તાલુકા પંચાયત પ્રાંત કચેરી ફોરેસ્ટ વિભાગ પોલીસ સ્ટેશન નગરપાલિકા સ્ટેટ હોસ્પિટલ એમજીવીસીએલ કચેરી તમામ સરકારી કચેરીમાં આ રીત લાંચ રૂશ્વત પોસ્ટર લગાવવામાં આવે લોકોમાં જાગૃતિ આવી શકે છે.

# અનુસુચિત જાતિનાં તેજસ્વી વિદ્યાર્થીઓને CBSE માન્ય શાળાઓમાં વિનામૂલ્યે શિક્ષણ અંગે

લુણાવાડા,
કેન્દ્ર સરકારનાં સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રાલય,નવી દિલ્હી દ્વારા અનુસુચિત જાતિનાં વિદ્યાર્થીઓ માટે જ CHEME FOR RESIDENTIAL EDUCATION FOR STUDENTS IN HIGH SCHOOLS IN TARGETED AREAS (SHRESHTHA) યોજના અમલમાં છે. ઉકત યોજના અંતર્ગત ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતાં અનુસુચિત જાતિનાં તેજસ્વી વિદ્યાર્થીઓને CBSE માન્ય શાળાઓમાં વિનામૂલ્યે ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપવામાં આવનાર છે. ઉકત યોજનામાં વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે NATIONAL TESTING AGENCY (NTA) દ્વારા NATIONAL ENTRANCE TEST FOR SHRESHTHA (NETS) લેવામાં આવનાર છે વર્ષ ૨૨-૨૩ માટે અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ધો.૯ અને ૧૧માં પ્રવેશ મેળવવા માટે NATIONAL TESTING AGENCY (NTA) દ્વારા તા.૦૭/૦૫/૨૦૨૨ના રોજ ઓફલાઈન પરીક્ષા યોજાનાર છે. અને પાત્રતા ધરાવનાર વિદ્યાર્થીઓને તા.૧૪/૦૪/૨૦૨૨ સુધીમાં ગઝઅ પોર્ટલ પર http://ntaac.in અથવા https://shreshta.nta.nic.in પર તેમનું રજીસ્ટ્રેશન કરાવવાનું છે.તેમ નાયબ નિયામક અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, લુણાવાડા જિલ્લો મહીસાગરની અખબારીયાદીમાં જણાવાયું છે.

# કડાણાના ખરાવાડામાં ચૈત્રી દશમનો મા ચામુંડા ધામે થયો મોટો યજ્ઞ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના કડાણા તાલુકામાં આવેલાં પર ગામ માછી સમાજના ખરાવાડા ગામે દસમનું હવન કરવામાં આવ્યું હતું. જેમાં જેમાં યજમાન પદે બિરાજ માછી નવિનભાઈ સોમાભાઈ એ માતાજીની પૂજા વિધિ પૂર્ણ કરવામાં આવ્યું. માં ચામુંડા માતાજીના દર્શનાર્થે આવેલા તમામ માછી સમાજના શ્રદ્ધાળુ તથા તેના ભાવિક ભક્તો એ આશીર્વાદ પ્રાપ્ત કર્યા. માં ચામુંડાની કૃપા થી કડાણાના માછી સમાજના લોકોમા ધાર્મિક, આર્થિક અને સામાજિક રીતે પ્રગતિ થઈ છે. માની કૃપા થી ઘણા લોકોની મનોકામના સિધ્ધ થઈ છે. આમ દર વર્ષે ઉજવાતો દશમનો ઉત્સવ ધામ ધૂમ થી ઉજવાયો.

# ગુજરાતમાં ક્યાં કેટલા વિદ્યાર્થીઓ મજબૂરીમાં ખુલ્લામાં અભ્યાસ કરી રહ્યાં છે કોર્ટે ડેટા માંગ્યો

અમદાવાદ,
ગુજરાત હાઈકોર્ટે એક સુઓ મોટો અરજીના જવાબમાં રાજ્ય સરકાર પાસેથી ખુલ્લા પ્લોટમાં કેટલી શાળાઓ ચલાવવામાં આવી રહી છે તેની માહિતી માંગી હતી. કેવી રીતે શાળાના બાળકોને ખુલ્લામાં ભણવા માટે મજબૂર કરવામાં આવે છે.

હાઈકોર્ટે માહિતી માંગી છે કે કેટલી શાળાઓ ખુલ્લા મેદાનમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવે છે.હાઈકોર્ટે કહયું કે શાળાના બાળકોને ખુલ્લામાં બેસવું જોઈએ નહીં. અમે સમગ્ર રાજ્ય માટે ડેટા જોઈએ છે તેવું ચીફ જસ્ટિસે ટિપ્પણી કરી હતી. કોર્ટે સરકારને જિલ્લા અને તાલુકાવાર કેટલી સરકારી શાળાઓ ભાડાની જગ્યા અથવા ખુલ્લી જગ્યામાં ચલાવવામાં આવે છે તેની વિગતો આપવા જણાવ્યું હતું. જો કે સરકારી વકીલે રજૂઆત કરી હતી કે કોઈપણ શાળા ખુલ્લી જગ્યામાં ચાલી રહી નથી અને તે વિગતો આપશે.

ગયા વર્ષની શરૂઆતમાં ગુજરાત હાઈકોર્ટે એક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિયાળામાં ખુલ્લામાં અભ્યાસ કરવા મુદ્દે એક સુઓ મોટો પીઆઈએલ હાથ ધરી હતી કારણ કે તેમની શાળાની ઈમારત ચોમાસા દરમિયાન તૂટી પડી હતી. જો કે અત્યારે હાલમાં કેટલીક સરકારી શાળાની હાલત ખૂબ જ ગંભીર છે. તથા તેની જાળવણી પણ પૂરતી કરવામાં નથી આવતી. તો કેટલીક શાળામાં ગંદકી પણ જોવા મળે છે. જેના કારણે વિદ્યાર્થીઓનો સ્વાસ્થ્ય અવારનવાર નબળું રહે છે.

રાજ્યના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે જ્યારે પણ જર્જરિત ઈમારતોને રિપેર કરવાની વિનંતી કરવામાં આવે છે. ત્યારે સરકાર તેને સ્વીકારે છે. ઘણી વખત શિયાળા દરમિયાન બાળકોને શાળાઓમાં ખુલ્લામાં બેસાડવામાં આવે છે. જ્યારે હું વિદ્યાર્થી હતો ત્યારે ખુલ્લામાં બેસીને અભ્યાસ પણ કરતો હતો. અન્યથા ટેન્શન લેવાની જરૂર નથી. આ મુદ્દો મારા મગજમાં છે તેવું કહ્યું હતું. વધુ દુઃખદાયક બાબત એ છે કે શિક્ષણ (પ્રધાન દ્વારા કરવામાં આવેલ ઉતાવળ અને શરમજનક નિવેદન એ છે કે જો પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ઠંડીમાં બહાર અભ્યાસ કરાવવામાં આવે તો તેમાં કંઈ અસામાન્ય નથી. મંત્રી ભૂતકાળમાં આ જ રીતે અભ્યાસ કરતા હતા તેવું ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા અને નિરલ મહેતાની બેન્ચે ટિપ્પણી કરી હતી. આ સાથે જીતુ વાઘાણીના નિવેદનને દુઃખદ ગણાવ્યુ હતું.હાઈકોર્ટે કહ્યું જો વિદ્યાર્થીઓ ઓપનમાં અભ્યાસ કરે તો કંઈ અસામાન્ય નથી. તથા ગુજરાત હાઈકોર્ટે છોટા ઉદેપુરના વિદ્યાર્થીઓની નોંધ પણ લીધી હતી.


# શિક્ષકોએ ફરજિયાત મૂલ્યાંકન કામગીરીમાં રહેવુ પડશે હાજર, નહીં તો આકરી સજા મળશે

ગાંધીનગર,
ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા લગભગ પુરી થવા આવી છે અને તમામ મુખ્ય વિષયોની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે ત્યારે આવતીકાલે ૧૧મી એપ્રિલથી રાજ્યભરના મૂલ્યાંકન કેન્દ્રોમાં બોર્ડ પરીક્ષા ઉત્તરવહીઓની ચકાસણીની કામગીરી શરૂ થનાર છે. માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા કામગીરીનો બહિષ્કાર ચાલુ રાખવામા આવતા ગુજરાત શિક્ષણ બોર્ડે પરિપત્ર કરીને સ્પષ્ટતા સાથે સ્કૂલોને કડક આદેશ કર્યો છે કે કોઈ કોઈ પણ સ્કૂલ શિક્ષકોના મૂલ્યાંકન કામગીરીના ઓર્ડર પરત નહી લઈ શકે.

ગુજરાતના ૩૭૦થી વધુ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોમાં આવતીકાલે ૧૧મીથી ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાની લાખો ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી શરૂ થનાર છે. આ માટે ગુજરાત બોર્ડ દ્વારા રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની સ્કૂલોના ૬૧ હજાર જેટલા શિક્ષકોના ઓર્ડર કાઢવામ આવ્યા છે.પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ મૂલ્યાંકન કામગીરીનો બહિષ્કાર કરવાની ચીમકી આપ્યા બાદ સરકારની સમજાવટથી તમામ સંઘોએ બહિષ્કારનો નિર્ણય પાછો ખેંચ્યો છે પરંતુ ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘે બહિષ્કાર ચાલુ રાખ્યો છે અને માધ્યમિક શિક્ષકોને કામગીરીમાં ન જોડાવા આદેશ કર્યો છે.

જેને પગલે ગુજરાત શિક્ષણ બોર્ડે માધ્યમિક શિક્ષક સંઘને પણ પરિપત્ર કરીને ચેતવણી આપતા સ્પષ્ટતા કરી છે કે બોર્ડની મુખ્ય જાહેર પરીક્ષાની ઉત્તરવહી ચકાસણી કામગીરી માટે જે શિક્ષકોને સ્કૂલમાંથી મુક્ત કરવામા આવે તેવા શિક્ષકે મૂલ્યાંકન કેન્દ્ર ખાતે ફરજીયાત ફરજ નિભાવવની રહેશે અન્યતા તેઓની ફરજ પરની ગેરહાજરી ગણવામા આવશે. બોર્ડે જણાવ્યું છે કે વિનિયમોનું ખોટુ અર્થઘટન કરીને શિક્ષક સારસ્વત સમાજમાં ભય ફેલાવવા બહાર પાડવામા આવેલ છે .ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો મુજબ વિવિધ જોગવાઈઓનું કોઈ કર્મચારી દ્વારા ઉલ્લંઘન થાય તો વિનિયમ ભંગ ગણાય. વિનિયમ મુજબ કોઈ કર્મચારી હડતાળનો આશરો લઈને વિનિયમની જોગવાઈનું ઉલ્લંઘન કરે અને ફરજના સ્થળ પર કામગીરી ન કરે તો વિનિયમ ભંગ ગણાશે. બોર્ડ પરીક્ષા સંબંધમાં સોંપાયેલ કોઈ પણ કામગીરીનો અધ્યાપક,આચાર્ય કે વહિવટી સ્ટાફ સહિત કોઈ કર્મચારી ના પાડી શકે નહી.બોર્ડે તમામ ડીઈઓને પણ પરિપત્ર કરીને ચેતવણી આપી છે કે મૂલ્યાંકન કામગીરીના ઓર્ડર કોઈ પણ શાળા આચાર્યએ પરત લેવા નહી જે શિક્ષક મૂલ્યાંકન કેન્દ્રમાં હાજર ન થાય તો આચાર્યએ શાળામા પરત હાજર ન કરવા.

# ભગવાન રામનો જન્મ ન થયો હોત તો ભાજપ કયો મુદ્દો ઉઠાવત : શિવસેનાના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરે



મુંબઈ,
મહારાષ્ટ્રના મુખ્યમંત્રીઅને શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ રવિવારે કહ્યું હતું કે ભાજપ પાસે હિન્દુત્વની “પેટન્ટ” નથી. તેમણે દાવો કર્યો કે શિવસેનાના દિવંગત સુપ્રીમો બાળાસાહેબ ઠાકરેએ ભાજપને બતાવ્યું હતું કે “ભગવા અને હિન્દુત્વ”નું સંયોજન તેને કેન્દ્રમાં સત્તા મેળવવામાં મદદ કરી શકે છે. ઠાકરેએ કહ્યું કે બીજેપીથી વિપરીત, શિવસેના હંમેશા “ભગવા અને હિંદુત્વ” માટે પ્રતિબદ્ધ રહી છે જ્યારે ભાજપના ભારતીય જનસંઘ અને જનસંઘ જેવા અલગ અલગ નામ હતા, અલગ અલગ વિચારધારાનો પ્રચાર કરતા હતા.

ઠાકરે કોલ્હાપુર ઉત્તર બેઠક પર ૧૨ એપ્રિલે યોજાનારી પેટાચૂંટણીમાં ડિજિટલ માધ્યમ દ્વારા મહા વિકાસ અઘાડી ઉમેદવાર જયશ્રી જાધવના પ્રચારમાં જોડાયા હતા. તેમણે રવિવારે ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી દરમિયાન કોલ્હાપુર સીટ પર શિવસેનાના ઉમેદવારની હાર માટે ભાજપને જવાબદાર ઠેરવ્યું હતું. તે સમયે બંને પક્ષોનું ગઠબંધન હતું. ઠાકરેએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે શું આ બેઠક પર ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસ સાથે ગુપ્ત ગઠબંધન કર્યું છે.

“ભાજપ પાસે હિંદુત્વની પેટન્ટ નથી. મને આશ્ચર્ય થાય છે કે જો ભગવાન રામનો જન્મ ન થયો હોત તો ભાજપે રાજકારણમાં કયો મુદ્દો ઉઠાવ્યો હોત. ભાજપ પાસે મુદ્દાઓનો અભાવ હોવાથી તે ધર્મ અને નફરતની વાત કરે છે.” ઠાકરેએ કહ્યું કે તેમના પિતા બાલ ઠાકરેએ તેમને (ભાજપ) બતાવ્યું કે ભગવો અને હિન્દુત્વ તેમને દિલ્હીમાં લઈ જઈ શકે છે.

કોલ્હાપુર ઉત્તર પેટાચૂંટણી પર બોલતા, ઠાકરેએ કહ્યું, “વર્ષ ૨૦૧૯માં, વર્ષ ૨૦૧૪ (કોલ્હાપુર ઉત્તર સીટ પર) ની તુલનામાં કોંગ્રેસના મતો વધ્યા હતા, જેના પરિણામે શિવસેનાના ઉમેદવારની હાર થઈ હતી. ભાજપ.” ૨૦૧૯માં બીજેપીના વોટ ક્યાં ગયા? શું તમે તે સમયે કોંગ્રેસ સાથે ગુપ્ત ગઠબંધન કર્યું હતું?”

ઉલ્લેખનીય છે કે ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી બાદ મુખ્યમંત્રી પદની વહેંચણીના મુદ્દે ભાજપ અને શિવસેનાનું ગઠબંધન તૂટી ગયું હતું. ભાજપ અને શાહે ઠાકરેના મુખ્ય પ્રધાનના વચનના દાવાને નકારી કાઢ્યા હતા. શિવસેના સ્ફછ નો ઘટક છે જ્યારે અન્ય ભાગીદારો કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) છે. ઠાકરેએ કહ્યું કે એમવીએ જોડાણનો પ્રયોગ સફળ રહ્યો છે.

તેમણે કહ્યું, “આ જ કારણ છે કે શિવસેનાએ કોલ્હાપુર ઉત્તર બેઠક પર દાવો કર્યો નથી.” ઠાકરેએ જણાવ્યું હતું કે એમવીએના ઘટકોએ તાજેતરની બેઠકમાં ખામીઓ અંગે ચર્ચા કરી હતી. ભાજપ પર પ્રહાર કરતા મુખ્યમંત્રીએ કહ્યું, “અમને સમજાયું કે તે શાસન અથવા વહીવટ નથી જેમાં આપણે પાછળ રહીએ છીએ પરંતુ આપણે જુઠ્ઠાણા ફેલાવવામાં પાછળ રહીએ છીએ.”

નોંધનીય છે કે વર્ષ ૨૦૧૯માં કોંગ્રેસના ઉમેદવાર ચંદ્રકાંત જાધવે કોલ્હાપુર ઉત્તર બેઠક પરથી શિવસેનાના ધારાસભ્ય રાજેશ ક્ષીરસાગરને હરાવ્યા હતા. જાધવના નિધન બાદ ૧૨ એપ્રિલે પેટાચૂંટણી યોજાઈ રહી છે. એમવીએના ઉમેદવાર જયશ્રી જાધવ દિવંગત ધારાસભ્ય જાધવના પત્ની છે અને ભાજપે તેમની સામે સત્યજીત કદમને મેદાનમાં ઉતાર્યા છે.

# રાજ્ય ઉર્જા અને જલવાયૂ સૂચકાંકમાં ગુજરાતે મોટા રાજ્યોમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું

નવીદિલ્હી,
નીતિ આયોગના રાજ્ય ઉર્જા અને જલવાયૂ સૂચકાંકમાં ગુજરાતે મોટા રાજ્યોમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. મોટા રાજ્યોની શ્રેણીમાં ગુજરાત ૫૦.૧ માર્કસ સાથે ટોચ પર છે.આ સૂચકાંકનો હેતુ છ પરિમાણો પર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રેકિંગ કરવાનો છે, જેમાં પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓની કામગીરી, ઊર્જા કાર્યક્ષમતા અને ઊર્જાની પહોંચનો સમાવેશ થાય છે.

નીતિ આયોગના રિપોર્ટ પ્રમાણે ગુજરાત બાદ કેરળ અને પંજાબનો સમાવેશ થાય છે. આ યાદીમાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને ઝારખંડ જેવા રાજ્ય સૌથી પાછળ રહ્યા છે. નાના રાજ્યોમાં ગોવા સૂચકાંકમાં સૌથી ઉપર છે. ત્યારબાદ ત્રિપુરા અને મણિપુરનો નંબર છે.

સીઈસીઆઈ ચક્ર-૧ નો હેતુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને છ માપદંડો પર ક્રમાંકિત કરવાનો છે. આ પરિમાણોમાં (૧) પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ (ડિસ્કોમ્સ)નું પ્રદર્શન, (૨) ઊર્જાનો વપરાશ, પરવડે તેવી ક્ષમતા અને વિશ્વસનીયતા, (૩) સ્વચ્છ ઊર્જા પહેલ, (૪) ઊર્જા કાર્યક્ષમતા, (૫) ટકાઉ પર્યાવરણ અને (૬) નવી પહેલોનો સમાવેશ થાય છે. આ પરિમાણોમાં કુલ ૨૭ સૂચકાંકોનો સમાવેશ થાય છે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો ઈન્ડેક્સનો ઉપયોગ કરીને તેમના બેન્ચમાર્કની તુલના કરી શકશે અને વધુ સારી નીતિ પ્રણાલી વિકસાવવામાં સમર્થ હશે.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે, સ્નેહીના સંપર્કથી લાભ થશે, વ્યવસાયમાં વૃદ્ધિ થશે,પરિવારના સુખમાં વૃદ્ધિ થશે.

વૃષભ (બ.વ.ઉ.) : સરકારી કામમાં સફળતા મળશે, કરેલા કાર્યો ફળદાઈ બનશે, નોકરી બાબતે સારા સમાચાર મળશેધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : કામમાં નિરાશાનો અનુભવ થશે, સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે, ઈષ્ટમીત્રોનો સહયોગ મળશે, ધર્મપ્રત્યેની શ્રધ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.) : ધન માનનો વ્યય જણાશે, નોકરીમાં પરેશાની રહેશે, માનસિક તણાવ જણાશે, વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : કામકાજમાં સફળતા મળશે, ધંધામાં નવી તકો મળશે, નોકરીમાં બઢતીની તકો મળશે, પારિવારિક સબંધોમાં લાભ થશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધંધાના કામમાં સફળતા મળશે, પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો, આત્મવિશ્વાસમાં વધારો થશે, ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.) : ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે, નવા સબંધોમાં નિરાશા જણાશે, નોકરીમાં નવી તકો મળશે, સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : પરિશ્રમ પછી પણ કામ અધુરુ જણાશે, સ્વજનોના હસ્તક્ષેપથી મન વિચલીત જણાશે, નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે, વ્યવસાયમાં ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આજે ભાગ્ય અનુકુળ જણાય છે, રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે, વિકાસના કાર્યોમાં ગતી આવશે, દિવસ આનંદમાં પસાર થશે.

મકર (ખ.જ.) : વાદવિવાદના કામથી બચવુ, આર્થિક સ્થિતીમા મધ્યમ સુધારો જણાય છે, ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે, પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : કામની સફળતામાં ખુશી અનુભવશો, નોકરીમાં પ્રમોશન અથવા શાંતિ મળશે, સ્વજનોનો સહયોગ મળશે, ધંધામાં સુધારો જોવા મળશે.

મીન (દ.ચ.ઝ.થ) : માનસિક તણાવ જણાશે, કામમાં મધ્યમ સફળતા મળશે, વિરોધીઓથી સાવધાન રહેવુ, ખર્ચ બાબતે સંભાળવુ.

# રામનવમી દરમિયાન હોસ્ટેલમાં માંસાહાર પીરસતા ABVP અને લેફ્ટ જૂથ સામસામે આવ્યાં



નવીદિલ્હી,
દિલ્હીમાં આવેલી જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં રવિવારે સાંજે વિદ્યાર્થીઓનાં બે જૂથ વચ્ચે નોનવેજ ખાવાના વિશે હિંસક મારામારી થઈ હતી. તેમાં ઘણા વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. એબીવીપીના સભ્યોએ લેફટ વિંગ પર રામનવમીના દિવસે પૂજા નહીં કરવા દેવાનો આરોપ લગાવ્યો હતો. તેમનું કહેવું હતું કે રામનવમીના દિવસે બપોરે ૩.૩૦ વાગે વિદ્યાર્થીઓએ પૂજા અને હવન રાખ્યો હતો, પરંતુ લેફટ વિંગવાળાઓએ ત્યાં પહોંચીને પૂજા ના કરવા દીધી, ત્યાર પછી જમવામાં વિવાદની વાત કહેવા લાગ્યા હતા.

જેએનયુની કાવેરી હોસ્ટેલમાં રામનવમી અને ઈફતાર પાર્ટી એકસાથે કરવામાં આવી હતી. ઈફતાર પાર્ટીમાં નોનવેજ પણ પીરસવામાં આવ્યું હતું. આ મુદ્દે વિવાદ શરૂ થઈ ગયો હતો. એક જૂથનું કહેવું હતું કે પૂજાના દિવસે નોનવેજનું મેનુ ના રાખવું જોઈએ. ખાવાના મુદ્દે બંને જૂથ વચ્ચેની વાતચીતમાં અચાનક મારામારી શરૂ થઈ ગઈ હતી. જેએનયુ સ્ટુડન્ટ્સ યુનિયન અને લેફટ વિંગના વિદ્યાર્થીઓએ એબીવીપી પર નોનવેજ ખાવા પર પ્રતિબંધ લગાવ્યો હતો. ઘટના જેએનયુની કાવેરી હોસ્ટેલની હતી. અહીં રવિવારે સ્પેશિયલ ફૂડમાં નોનવેજ બનાવવામાં આવ્યું હતું. એબીવીપીનું કહેવું હતું કે રામનવમીના દિવસે નોનવેજ નહીં બનાવવા દઈએ. આ મુદ્દે જ વિવાદ વધ્યો હતો અને વાત હિંસા સુધી પહોંચી ગઈ હતી.

હોબાળા પછી જેએનયુના ડિન સુધી પ્રતાપ એક્શનમાં દેખાયા હતા. તેઓ એબીવીપી અને લેફટ વિંગના વિદ્યાર્થીઓને સાથે બેસાડીને જમ્યા હતા. તેમનો પ્રયત્ન હતો કે બંને જૂથને શાંત કરવામાં આવે. કાવેરી હોસ્ટેલમાં વાઈસ-ચાન્સેલર ડીન ઓફ સ્ટુડન્ટના દરેક વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરાઈ હતી. જેએનયુ મેસ વિવાદ પર વીએચપી પ્રવક્તા વિનોદ બંસલે કહ્યું હતું કે કોઈની સાથે મારઝૂડની વાત સામે આવી નથી.

યુનિવર્સિટીએ જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ડીસીપી મનોજ સી.એ જણાવ્યું હતું કે ઘટનામાં અમુક વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, સ્થિતિ નિયંત્રણમાં લઈ લેવામાં આવી હતી. ડીસીપીએ કહ્યું હતું કે આ ઘટનામાં જે દોષિત છે તેમને છોડવામાં આવશે નહીં. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે જેએનયુ,એસએફઆઈ,ડીએસએફ અને એઆઈએસએના વિદ્યાર્થીઓએ એબીવીપીંના અમુક વિદ્યાર્થીઓ વિરુદ્ધ કેસ નોંધાવ્યો છે. એ અંતર્ગત આઈપીસીની કલમ ૩૨૩/૩૪૧/૫૦૯/૫૦૬/૩૪ અંતર્ગત પ્રાથમિક કેસ નોંધાયો છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, એબીવીપીના વિદ્યાર્થીઓએ પણ લેફટ વિંગના વિદ્યાર્થીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ એસોસિયેશનના અધ્યક્ષ અને જેએનયુએસયુના પૂર્વ અધ્યક્ષ એન. સાંઈ બાલાજીએ કહ્યું હતું કે રવિવારે સાંજે ૪-૫ વાગતાં તેમને માહિતી મળી હતી કે એબીવીરપીના અમુક વિદ્યાર્થીઓએ મેસ મેનેજરને નોનવેજ ખાવાનું બંધ કરવાની ધમકી આપી હતી. ચિકન વેન્ડરને પણ ભગાડી દીધો હતો અને મેસ કમિટીના સભ્યો પર હુમલો કર્યો હતો.

તેમણે ડિન અને વોર્ડનને પણ કહ્યું હતું કે હવેથી આવું ના થવું જોઈએ. પસંદ પ્રમાણે ખાવાની આઝાદી હોવી જોઈએ, શાકાહારી ભોજન હંમેશાં હોય છે. બાલાજીએ કહ્યું હતું કે અમે જોયું કે છમ્ફઁના સભ્ય કાવેરી હોસ્ટેલની બહારથી પથ્થરમારો કરતા હતા. તેમણે મહિલાઓ સાથે ખરાબ વર્તન કર્યું, તેમની સાથે શારીરિક ચેડાં કરવામાં આવ્યાં હતાં. અમને તેમના પૂજા-હવનથી કોઈ પ્રોબ્લેમ નથી.

જેએનયુમાં નોન વેજ ખાવાને લઈને વિવાદ થયો છે, જેનો એક વીડિયો વાયરલ થયો છે.વિહિપના પ્રવક્તા વિનોદ બંસલે જેએનયુ મેસ વિવાદ પર નિવેદન જારી કરીને કહ્યું છે કે કેટલાક ઉગ્રવાદીઓ દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે દરેકને ખાવાની આઝાદી છે, પરંતુ કેટલાક વિદ્યાર્થીઓ રામ નવમીના દિવસે ત્યાં પૂજા કરી રહ્યા હતા. તેથી ડાબેરી સંગઠનના વિદ્યાર્થીઓએ ત્યાં વિરોધ કર્યો હતો. તેણે કહ્યું કે કોઈ પણ હુમલાની સામે આવ્યું નથી.

બીજી તરફ જેએનયુના પૂર્વ પ્રમુખ સાઈ બાલાએ દાવો કર્યો છે કે એબીવીપીએ વિદ્યાર્થીઓને નોન-વેજ ખાવાનું બંધ કર્યું છે. સાઈ બાલાએ જણાવ્યું કે વિદ્યાર્થીઓને નવરાત્રિ દરમિયાન નોન-વેજ ખાવાથી રોકવામાં આવ્યા હતા. તેણે એક વીડિયો જાહેર કરીને કહ્યું છે કે એબીવીપીએ વિદ્યાર્થીઓને મેસમાં નોન-વેજ ખાવાથી રોક્યા છે. સાથે જ એબીવીપીએ આવા આરોપોને નકારી કાઢ્યા છે. આ વીડિયો જેએનયુની કાવેરી હોસ્ટેલનો છે.એન સાઈ બાલાએ ટ્વીટ કરીને લખ્યું કે એબીવીપીના ગુંડાઓએ કાવેરી હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને નોન-વેજ ખાવાથી રોક્યા. શું જેએનયુ વીસી આ ગુંડાગીરીની નિંદા કરશે ? શું હવે વિદ્યાર્થીઓનું ભોજન નક્કી થશે? મેસના સેક્રેટરીને પણ માર મારવામાં આવ્યો, આ બર્બરતા સામે ઉભા થવાનો સમય આવી ગયો છે.

# ફતેપુરા તાલુકાના બલૈયા ક્રોસીંગ થી ફતેપુરા જતા માર્ગ ઉપર પાડલીયા ગામે ઈક્કો ગાડી વૃક્ષ સાથે અથડાતા ૨૨ વર્ષીય યુવાનનું અકસ્માતમાં મોત



ફતેપુરા,
ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં વાહન ચાલકો બેફામ બનતા દિન-પ્રતિદિન વાહન અકસ્માતો વધતા નિર્દોષ લોકો ઈજાઓના શિકાર તથા કાળનો કોળિયો બની રહ્યા છે.તેવો જ એક વધુ બનાવ શનિવાર રાત્રિના દશેક વાગ્યાના અરસામાં બલૈયા ક્રોસીંગ થી ફતેપુરા જતા માર્ગ ઉપર પાડલીયા ગામે માર્ગ ઉપર વાહન ચાલકની બેદરકારીથી સ્ટિયરિંગ ઉપરનો કાબુ ગુમાવતા ઈક્કોગાડી વૃક્ષ સાથે અથડાતા ગાડીને સામાન્ય નુકસાન પહોંચવા પામ્યું હતું.જ્યારે તેમાં સવાર એક ૨૨ વર્ષીય યુવાનને મોઢા ઉપર તથા માથાના પાછળના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચતા યુવાનનું મોત નિપજવા પામેલ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના રાહુલભાઈ મગનભાઈ મકવાણા ઉંમર વર્ષ ૨૨ રહે.ચીખલી મકવાણા ફળિયાના ઓએ શનિવાર રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં ઘરના સભ્યોને જણાવેલકે, હું ગામના પ્રવિણસિંહ જોરાવરસિંહ રાઠોડના ઘરે જઈને આવું છું તેમ જણાવી ઘરે થી નીકળેલ.ત્યારબાદ રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં ઘરના સભ્યો જમી પરવારી ઊંઘવાની તૈયારી કરતા હતા.તેવા સમયે રાહુલભાઈના ભાઈ મહેશભાઈ મકવાણાને ચીખલીના રાઠોડ માનસિંહ સુખતસિંહ નાઓએ મોબાઈલથી જણાવેલ કે,તારા ભાઈ રાહુલ તથા પ્રવીણસિંહ રાઠોડ બંને જણા ઈક્કો ગાડીમાં બેસી બલૈયા કામકાજ અર્થે જતા હતા.તેવામાં પાડલીયા ગામે ફતેપુરા રોડ ઉપર એચ.પી પેટ્રોલ પંપની સામે ઈક્કો ગાડી ઝાડ સાથે અથડાતા તારા ભાઈ રાહુલ ને માથાના પાછળના ભાગે તથા મોઢા ઉપર વાગેલ છે.તેવું જણાવતા ઘરના સભ્યો અકસ્માત સ્થળે ગયા હતા. જ્યાં જઈ જોતા ઈક્કો ગાડી નંબર. જીજે-૨૦ એક્યુ-૧૪૭૫ ના ચાલકે પૂરપાટ અને ગફલત ભરી રીતે પોતાના કબજાના વાહનને હંકારી સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી ઝાડ સાથે અથડાવી અકસ્માત કરેલ હોવાનું જણાતા ગંભીર ઈજાગ્રસ્ત રાહુલભાઈ મકવાણાને તાત્કાલિક સુખસર સરકારી દવાખાનામાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ ઉપરના તબીબે રાહુલને મૃત જાહેર કર્યો હતો.અકસ્માત બાદ અકસ્માતગ્રસ્ત ગાડીને સ્થળ ઉપર છોડી પ્રવીણસિંહ રાઠોડ ફરાર થઈ જવા પામ્યા હોવાનું જાણવા મળે છે.

અહીંયા નોંધનીય બાબત છે કે, જે વૃક્ષ સાથે ઈક્કો ગાડી અથડાઈ છે તે ગાડીને ખાલી સાઇડ બોનટ ઉપર સામાન્ય નુકસાન પહોંચેલ છે.જ્યારે મૃતક યુવાનને મોઢા ઉપર તથા માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોવાનું જોવા મળ્યું હતું.

ઉપરોક્ત અકસ્માત સંદર્ભે મૃતક રાહુલભાઈના ભાઈ મહેશભાઈ મગનભાઈ મકવાણાએ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા લાશનુ સુખસર સરકારી દવાખાનામાં પી.એમ કર્યા બાદ લાશનો કબજો મૃતકના વાલીવારસોને સોંપી ચીખલીના પ્રવીણસિંહ રાઠોડની વિરૂદ્ધમાં ઈક્કો ગાડીને પૂર ઝડપે અને બેદરકારીથી હંકારી સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી ઝાડ સાથે અથડાવી અકસ્માત કરવા અન્વયે ગુન્હો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# દેવગઢબારીયાનાં ઉચવાણ ગામે રૂ.૪૫ લાખના ખર્ચે તૈયાર જંગલ એનીમલ કેર સેન્ટરનું પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી કરશે લોકાર્પણ



દાહોદ,
વન્યપ્રાણીઓના માણસો સાથેના ઘર્ષણ અટકાવવા તેમજ તેમના બચાવ-સારવાર માટે રૂ. ૪૫ લાખના ખર્ચે દેવગઢ બારીયાનાં ઉચવાણ ગામે તૈયાર કરાયેલા એનીમલ કેર સેન્ટરનું પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૨૦ એપ્રીલે દાહોદનાં ખરોડ ખાતે લોકાર્પણ કરશે. આ સેન્ટર રૂ. ૪૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે.

જંગલ એનીમલ કેર સેન્ટર વિશે માહિતી આપતા નાયબ વન સંરક્ષક આર.એમ. પરમાર જણાવે છે કે, ગુજરાત રાજ્યમાં દીપડાની વસ્તિની દ્રષ્ટિએ દાહોદ જિલ્લો બીજા નંબર પર આવે છે. દાહોદ જીલ્લામાં દીપડાની વસ્તિમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગત વર્ષની ગણતરી મુજબ દીપડાની સંખ્યા ૧૪૩ થઇ છે. દીપડાને કારણે માનવ મૃત્યુ તેમજ માનવ ઈજાના બનાવો પણ ઘણા બન્યાં છે. વન્યપ્રાણી દ્વારા માનવ ઘર્ષણ ઘટાડવા હેતુ તેમજ માનવભક્ષી દીપડાઓ દ્વારા થતો રંજાડ અટકાવવા હેતુના નિવારાત્મક પગલાના ભાગરૂપે ઉચવાણ ગામે જંગલ એનીમલ કેર-સેન્ટર બનાવવામાં આવ્યું છે.

એનીમલ કેર સેન્ટર મુખ્યત્વે હિંસક વન્યપ્રાણીઓને અન્ય જીલ્લામાં આવેલ રેસ્ક્યુ સેન્ટર ઉપર લઇ જવાની અગવડ તેમજ જોખમભરી સ્થિતિ માટે છે. વન્યપ્રાણી દીપડાને પાંજરામા વાહન દ્વારા લાવવા લઇ જવામાં દીપડાને નાની મોટી ઈજાઓ થવાની સંપૂર્ણ શકયતાઓ રહેતી હોઇ છે. વન્યપ્રાણી દીપડાની મૃત્યુ બાદ પોસ્ટ મોર્ટમ કરવાનુ તથા પોસ્ટમોર્ટમ કર્યા બાદ તેને અગ્નીદાહ આપવાની કાર્યવાહી પણ જે તે રેન્જમાં કરવામાં આવતી હોય છે. એનીમલ કેર-સેન્ટર બનવાથી દાહોદ જીલ્લામાં કોઇ પણ સ્થળે વન્યપ્રાણી દીપડાની મૃત્યુ થાય અથવા ઈજા થાય તેવા સંજોગોમાં એનીમલ કેર-સેન્ટર ઉચવાણ ખાતે લાવી સારવાર તેમજ મૃત્યુના સંજોગોમાં પોસ્ટમોર્ટમ કરી શકાય. હાલમાં બે દીપડાઓને રાખી શકાયે તે પ્રકારની વ્યવસ્થા એનીમલ કેર-સેન્ટરમાં ઉપલબ્ધ છે.

# દાહોદ ખાતે યોજાનારા પ્રધાનમંત્રીના કાર્યક્રમની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરતા સાંસદ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી આગામી તા. ૨૦ એપ્રીલે દાહોદ જિલ્લામાં વિવિધ વિકાસકાર્યોનો પ્રારંભ તેમજ લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી દાહોદનાં ખરોડ ખાતે (સબજેલ પાસે) આવેલા મેદાનમાં અંદાજે બે લાખથી વધુ જનમેદનીને સંબોધન કરવાના છે ત્યારે સાંસદ જસવંતસિંહ ભાભોરે કાર્યક્રમની પૂર્વતૈયારીઓની સમીક્ષા કરી હતી.

જિલ્લા સેવા સદન ખાતે સાંસદ ભાભોરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં પ્રધાનમંત્રીના કાર્યક્રમ અંગેનો ચિતાર કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ આપ્યો હતો. કાર્યક્રમના સુચારૂ આયોજન તેમજ કાર્યક્રમ દરમિયાન સામાન્ય નાગરિકોને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે સાંસદએ જરૂરી સૂચનો આપ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ આ અંગેની માહિતી સાંસદને આપી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ કાર્યક્રમમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે કરવામાં આવેલા બંદોબસ્તની માહિતી આપી હતી. બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, ડીઆરડીએ નિયામક સી.બી.બલાત, પ્રાયોજના વહીવટદાર સંજય પંડ્યા, નાયબ કલેક્ટરઓ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ નગર અને જીલ્લામાં કાળઝાળ ગરમીથી લોકો પરેશાન બપોરના સમયે ઘરથી બહાર નિકળવાનું ટાળ્યું

દાહોદ,
ગરમીએ પોતાનો પ્રકોપ દેખાડતા દાહોદ શહેર સહિત જિલ્લામાં લોકો કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. લોકોના એસી, કુલર તેમજ પંખા પણ વામણા સાબિત થઈ રહ્યા છે. બપોર બાદ દાહોદ શહેરના રસ્તા સૂમસામ ભાસી રહ્યા છે.

એપ્રિલ માસના પ્રારંભ સાથે જ કાળઝાળ ગરમીથી લોકો હેરાન પરેશાન થઇ ગયા છે. વહેલી સવારથી જ ગરમી પોતાનું રોદ્ર રૂપ ધારણ કરી રહ્યું છે. લોકો કામ વગર ઘરની બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે. ટોપી, ચશ્માની દુકાનો પર પણ લોકો ટોપી ચશ્માની ખરીદી કરતા જોવા મળ્યા હતા. વહેલી સવારથી જ ગરમીનો પારો ચડતો જોવા મળ્યો હતો અને બપોર બાદ તો કાળઝાળ ગરમીથી લોકો પરસેવે રેબઝેબ થતા પણ જોવા મળ્યા હતા. આ તો માત્ર એપ્રિલ માસની ગરમીનો અહેસાસ છે. ત્યારે મેં માસ આખો બાકી છે અને તેમાં કેવી ગરમી પડશે તે વિચારીને પણ લોકો પરસેવે રેબઝેબ થઈ જાય છે. મોડી સાંજે વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકો બાગ - બગીચામાં હરતા ફરતા પણ જોવા મળી રહ્યા છે. શહેર સહિત જિલ્લામાં ઠંડા પીણાની દુકાનો પણ ધમધમી રહી છે. ગરમીથી બચવા માટે લોકો લીંબુ શરબત તેમજ શેરડીના રસનો સહારો પણ લેતા જોવા મળ્યા હતા.

# સંજેલી તાલુકામાં ધો.૧૦ બોર્ડની હિન્દીનું પેપર લીક કાંડમાં પાંચ આરોપીઓ જેલમાં

દાહોદ,
સંજેલી તાલુકામાં હિન્દીનું ૧૦ મી બોર્ડનું પેપરલીક કાંડમાં એલસીબી પોલીસ દ્વારા ૫ આરોપીઓને પકડી જેલભેગા કર્યા બાદ આ સમગ્ર ઘટનાના મૂળયા સુધી પહોંચવા માટે પોલીસે તપાસનો દોર લંબાવ્યા બાદ બીજા દિવસે સીંગવડ તાલુકામાંથી ત્રણ ઝેરોક્ષવાળાઓને પોલીસે દબોચી લીધા છે. ત્યારે પેપર લીક અને વાઈરલ મામલામાં અગામી દિવસોમાં વધુ ઘસ્ફોટક થવાના એધાંણ વર્તાઈ રહ્યા છે.

ગત તારીખ નવ એપ્રિલના રોજ ધોરણ દસની હિન્દીની પરીક્ષા હતી જેમાં પરીક્ષા પૂર્ણ થવાના અર્ધા કલાક પહેલા આન્સર કી સાથે સોશિયલ મીડિયામાં વાઈરલ થઇ જતા રાજ્યમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો જે બાદ સમગ્ર મામલમાં દાહોદ એલસીબી દ્વારા તપાસનો ધમધમાટ આરંભવામાં આવ્યો હતો જેમાં દાહોદ એલસીબી પોલીસે પેપર લીક મામલામાં પોલીસે સોશિયલ મીડિયામાં વાઈરલ કરનાર મોકલનાર જેવા પાંચ લોકો સામે ગુનો નોંધતા જેમાં ચાર આરોપીઓને સંજેલી ગામેથી ઝડપી લેવાયા હતા. જ્યારે સીંગવડ તાલુકાના મેથાણ ગામનો રહેવાસી અમિત તાવીયાડને પોલીસે અમદાવાદથી ધરપકડ કરી હતી. ત્યારબાદ પોલીસે પાંચેય આરોપીઓ પાસેથી ઘનિષ્ટ પૂછપરછ દરમિયાન તપાસનો દોર સંજેલી બાદ સીંગવડ ખાતે પહોંચ્યો હતો. જેમાંથી તેમને સીંગવડ ઝેરોક્ષ કેન્દ્ર ના માલિકના નામ આપતા તથા તેને દાહોદ એલસીબી દ્વારા સિંગવડ ગામમાં આવીને તે જગ્યા બતાવતા દાહોદ એલસીબી દ્વારા ઝેરોક્ષ મશીન ના માલિક ને ત્યાંથી ત્રણ જણાને ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે તેમની ધરપકડ કરી અને દાહોદ એલસીબી દ્વારા લીમખેડા ઓફિસે લઈ જઈને વધારે પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જ્યારે સીંગવડ માંથી ત્રણ જણાને ઉઠાવી લાવી પૂછપરછ કરવામાં આવી રહી છે અને આ સમગ્ર મામલામાં હજી કેટલા લોકો સંડોવાયેલા છે..? આ હિન્દી પેપર ખરેખર ક્યાંથી લિક થયુ છે..?? તેની તપાસ હાથ ધરવામાં આવી છે જ્યારે દાહોદ એલસીબી પોલીસ દ્વારા પેપર કાંડના આરોપી સુધી પહોંચવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે.

# ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓએ સિલિન્ડર ભાવ વધારાને કારણે ભરવાનું બંધ કર્યું



નવીદિલ્હી,
રાંધણગેસના મોંઘા ભાવને કારણે કેન્દ્ર સરકારની ઉજ્જવલા યોજનાની સફળતા પર પ્રશ્નાર્થ ચિન્હ ઊભો થયો છે. દેશભરમાંથી એવા અહેવાલો છે કે ઘરેલું ગેસના ભાવમાં વધારાને કારણે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓએ સિલિન્ડર ભરવાનું બંધ કરી દીધું છે. ગ્રામીણ વિસ્તારોમાં આ લાભાર્થીઓએ ફરીથી પરંપરાગત બળતણથી રસોઈ બનાવવાનું શરૂ કર્યું છે.ઝારખંડના પલામુ જિલ્લાના બિસ્રામપુર બ્લોકમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના ૧૩,૦૦૦ લાભાર્થીઓ છે.પરંતુ, હવે તેમાંથી મોટાભાગના લોકોએ આ યોજનામાં મળતા ગેસ સિલિન્ડર ભરવાનું બંધ કરી દીધું છે. તેનું કારણ ગેસના ભાવમાં થયેલો જંગી વધારો છે. હાલમાં બિસ્રામપુરમાં ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત ૧૦૦૭ રૂપિયા છે.

એક અહેવાલ અનુસાર, એચપી ગેસ ડીલર દયાશંકર દુબે કહે છે કે ગેસ સિલિન્ડર બંધ થવાને કારણે લોકો માટે તેમનો વ્યવસાય ચાલુ રાખવો મુશ્કેલ થઈ ગયો છે. તેમના માટે કર્મચારીઓને પગાર ચૂકવવો પણ મુશ્કેલ બની રહ્યો છે. દુબે કહે છે કે ઘણા લોકોએ તેમના ગેસ સિલિન્ડર અને ગેસ સ્ટવ પણ વેચી દીધા છે. કાદર ગામની ઉજ્જવલા લાભાર્થી સંગીતા દેવી કહે છે કે ગેસની કિંમત એટલી વધી ગઈ છે કે તેમના માટે ગેસ સિલિન્ડર રિફિલ કરવું શક્ય નથી.

પલામુ જિલ્લામાં ઉજ્જવલા યોજના હેઠળ ૨૦૨૦ સુધી ૨,૨૦,૨૩૪ લોકોને ગેસ સિલિન્ડર આપવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ માં, આ યોજના હેઠળ જિલ્લામાં કોઈ નવી નોંધણી કરવામાં આવી ન હતી. આ ઉજ્જવલા યોજનાની હાલત ગામડાંઓ અને શહેરોમાં સારી નથી. શહેરી વિસ્તારોમાં એલપીજી સિલિન્ડરના વિતરણના કામમાં રોકાયેલા અવધ કુમાર પાંડે કહે છે કે તેમની પાસે ઉજ્જવલા યોજનાના ૪૦૦ લાભાર્થીઓ છે, પરંતુ હવે તેમાંથી કોઈને ગેસ સિલિન્ડર ભરવામાં આવતા નથી.

અવધ કુમાર કહે છે કે આમાંથી ઘણા લોકોએ તો પોતાના સિલિન્ડર અને ગેસના સ્ટવ પણ વેચી દીધા છે. તે જ સમયે, હજારીબાગમાં ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓએ હવે ફરીથી કોલસાથી રસોઈ શરૂ કરી છે. એચપી ગેસ એજન્સીના ઓપરેટર આલોક બિહારી દીક્ષિતનું કહેવું છે કે તેમની પાસે ૬૩૦૦ ઉજ્જવલા ગેસ કનેક્શન છે. હવે તેમાંથી ૪૦ ટકા લોકોએ ગેસ ભરવાનું બંધ કરી દીધું છે.

# સુખસરમાં રામનવમી નિમિત્તે ભગવાન રામની ભવ્ય શોભાયાત્રા નીકળી



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના સુખસરમાં રામનવમી નિમિત્તે ભગવાન શ્રીરામના જન્મદિવસની શોભાયાત્રા નીકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં લોકોએ આ ભવ્ય શોભાયાત્રાનો લાભ લીધો હતો. આસપાસના ગામડાના લોકો પણ આ શોભાયાત્રામાં જોડાયા હતા. ધર્મપ્રેમી જનતા રામનામમાં રંગાઈ હતી. ઠેરઠેર જગ્યાએ આ ગરમીમાં સરબત તથા નાસ્તાના સ્ટોલ ગોઠવાયા હતા. સુખસર ગામ અયોધ્યામાં ફેરવાયું હતું.

જય જય શ્રી રામ ના નારા થી વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું. શ્રી રામ યાત્રામાં ગુજરાત સરકાર ના દંડક અને ફતેપુરા વિધાનસભા ના ધારાસભ્ય રમેશભાઈ કટારા, જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલિયાર, ચેરમેન પ્રફુલ ડામોર, આગેવાન બાબુભાઈ આમલિયાર, સરપંચ નરેશભાઈ કટારા, વકીલ પ્યારેલાલ કલાલ, ડો.ભરતભાઈ પટેલ, સહિત સુખસર, બલૈયા, આફવા, સાગડાપાડા, વિસ્તારના રામ ભક્તો જોડાયા હતા. ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરાયું હતું. દયાળુ હનુમાનજી મંદિર ખાતે શોભાયાત્રા બાદ મહાઆરતી અને પ્રસાદનું આયોજન કરાયું હતું. શ્રી રામ સમિતિ સુખસર દ્વારા સમસ્ત કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

# ગરબાડામાં બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતમાં બન્ને ચાલકો ઈજાગ્રસ્ત

દાહોદ,
ગરબાડા તાલુકામાં બે બાઈકો સામ સામે અથડાતા સર્જાયેલા માર્ગ અકસ્માતના કારણે બન્ને બાઈક ચાલકોને ઈજાઓ પહોંચતા તેઓને સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યા છે. ગરબાડા પંથકમાં વાહન ચાલકોની ગફલત તેમજ પૂર ઝડપના કારણે માર્ગ અકસ્માતના ગુનામાં વધારો જોવા મળે છે. જોકે, ગરબાડા તાલુકાના નવા ફળિયાના ગત રોજ પૂર ઝડપે આવતી બે બાઈકો સામ સામે ભટકાતા સર્જાયરલા માર્ગ અકસ્માતમાં બન્ને વાહન ચાલકો ફંગોળાઈને જમીન પર પટકાતા તેઓને શરીરે ઈજાઓ પહોંચી હતી. માર્ગ અકસ્માતના બનાવને પગલે ભેગા થયેલા આસપાસ ના લોકોએ બન્ને બાઈક ચાલકોને લોહી લુહાન અવસ્થામાં ગરબાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી દીધા હતા. જ્યાં એકની હાલત વધુ ગંભીર જણાતા તેને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે રીફર કરાયો હતો ત્યારે ગરબાડા પોલીસે બનાવ સંદર્ભે બન્ને બાઈક ચાલકો વિરૂદ્ધ ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

# પોતાની પડતર માંગણીઓ સરકાર દ્વારા પૂરી ના કરતા દાહોદ જિલ્લાના શિક્ષકોએ મધ્યસ્થ મૂલ્યાંકનનો કર્યો બહિષ્કાર

દાહોદ,
ગુજરાત શિક્ષક મહામંડળ અને દાહોદ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના સહયોગ થી આજે તા.૧૧/૦૪/૨૦૨૨ને સોમવારના રોજથી શરૂ થતાં મધ્યસ્થ મૂલ્યાંકનમાં શિક્ષકોની માંગણીઓ પૂરી ના થાય તે માટે મૂલ્યાંકનનો બહિષ્કાર કરવા માટે દાહોદ તાલુકાના દરેક શિક્ષક મિત્રો નવજીવન ગર્લ્સ હાઈસ્કૂલ પાસે આવેલ વિશ્રામગૃહ (સર્કિટ હાઉસ) મુકામે સવારે ૦૮ : ૩૦ કલાકે હાજર થયેલ. જેમાં શિક્ષકોના સળંગ નોકરી, OPS, સાતમા પગાર પંચના બાકી હપ્તા અને અન્ય પડતર પ્રશ્નોનો નિવારણના થાય ત્યાં સુધી સખત આંદોલન કરેલ છે. ઝાલોદ, લીમખેડા અને અન્ય તાલુકાના શિક્ષકોએ જે તે સ્થળે મૂલ્યાંકન કેન્દ્ર પર સખત બહિષ્કાર કરેલ છે. આમ જોવા જઈએ તો સરકાર આવી ફરજ પર જતા રોકાતા શિક્ષકો અને રોકતા શિક્ષકો અને મંડળ સામે કાર્યવાહી કરી સસ્પેન્ડ પણ કરી શકે છે. કારણ કે, મૂલ્યાંકન એ એક મહત્વનો વિષય છે પણ દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી આ મામલે શું પગલાં ભરશે તે જોવું રહ્યું.

# યુવરાજસિંહ ઉપર લગાવેલ ખોટા આરોપ માંથી મુકત કરવા આપ પાર્ટી દ્વારા ગરબાડા મામલતદારને આવેન



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ગરબાડા,
આમ આદમી પાર્ટી ગરબાડા તાલુકા દ્વારા મામલતદાર કચેરી ખાતે મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી અને તેમના દ્વારા આવેદનપત્રમાં જણાવવા માં આવ્યુ હતું કે, યુવા પેઢી અને વિદ્યાર્થીઓના નેતા યુવરાજ સિંહને પૂરૂં સમર્થન આપવામાં આવ્યું અને તેમના પર લગાવવામાં આવેલ ખોટા આરોપો માંથી મુક્ત કરવામાં આવે તેવી માંગણી અને લાગણી સાથે ગરબાડા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ગરબાડા તાલુકા યુવા પ્રમુખ કૌશિક બામણિયા અને જિલ્લા યુવા પ્રમુખ શંકરભાઇ યુવા મહામંત્રી અનિલભાઈ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# દે.બારીયા SBI શાખાના હિન્દી ભાષીત કર્મચારીઓ મનમાની ચલાવી રહ્યા છે




દે.બારીયા,
દે.બારીયા શહેરમાં ભારતીય સ્ટેટ બેન્કની એકને એક શાખા કાર્યરત છે. જેમાંના ૯૦ ટકા કર્મીઓ હિન્દી ભાષીત રાજ્ય માંથી આવતા તેઓ ગુજરાતીઓને ગાંડા સમજી રહ્યા છે. એક પ્રાઉડ વિધવા પેન્શનર પોતાના નાણાં મેળવવા માટે વિડ્રોલ ફોર્મ પર જમણા હાથના અંગુઠાનું નિશાન લગાવી કેસ મેળવવા માટે કેશીયરને કાઉન્ટર ઉપર રજુ કરતા કેશીયર પહેલા તો પ્રાઉડ હાજર છે. તે ખાત્રી કરી ત્યારબાદ અંગુઠો પડે તે પાડેલો છે. તેની પ્રઉડ પેન્શનદારના અંગુઠામાં સહી ચેક કરી આટલે થી મનના ભરાયો હેરાન કરવાના માટે તો હવે જમણો નહી ડાબા હાથના અંગુઠાનું નિશાન લગાઓ. આમ, પ્રાઉડ વિધવા પેન્શનરોને આ હિન્દી ભાષી હેરાન કરતા હોય છે. શું ? આધાર નંબરના લીંકમાં દસે દસ આંગળીઓના ફીંગર બેંકના ગ્રાહકોના આધાર ખાતેદારોના લીંક નહી હોય આધારના આધારે દસે દસ આંગળીઓના ફીંગર પ્રિન્ટ હોય છે. તેમ છતાં ડાબો નહી જમણો અંગુઠાનું નિશાન પાડી લાવો તેવું જાણી સમજીને હેરાનગતિ કરવા માટે કરાય છે કે શું તેની તપાસ થવી જોઈએ. તેમજ આ બેન્કમાં આવતા ગ્રાહકોને પાસબુકમાં કેટલું બેલેન્સ છે તે જોવા માટે કલાકો સુધી ઉભા રહેવાનો વારો છે. એન્ટ્રી મશીનને રીપેર કરવામાં આવે તેમજ હિન્દી ભાષી કર્મીઓને હિન્દી ભાષી રાજ્યોમાં બદલ કરવામાં આવે જ્યારે અહીં જે થોડું ગુજરાતી સમજી શકતા કર્મીઓને મુકવામાં આવે તેવી રીજીયોનલ મેનેજર પાસે માંગ ઉઠવા પામી છે.

# યે વાકેઆત રમઝાનને ઝહિર હુએ

૧. પહેલી રમઝાન પાક કો જન્નત કે દરવાજે ખુલ જાતે હૈ ઔર દોજખ કે દરવાજે બંધ કિયે જાતે હૈ ઔર શૈતાનનો જંજીરો સે જકળ દિયા જાતા હૈ.
૨. તીસરી તારીખ રમઝાન મુબારક મેં સૈયદના હઝરત ઈબ્રાહીમ અલા નબીયેના વ અલય હિસ્સલા તો વસ્સલામ પર સફાઈફ નાઝિલ હુએ.
૩. છઠી રમઝાન પાક કો હઝરત મુસાઅલા નળીયેના વ અલહિસ્સલાતો વસ્સલાામ પર તૌરતે નાજીલ હુઈ.
૪.ઔર અઠ્ઠારવી રમઝાન મુબારક મે સૈયદના હ હઝરત દાઉદ અલા નળિય્યેના વ અલહિસ્સલામ પર ઝબુર શરીફ નાઝિલ હુઈ.
૫. ૧૩ રમઝાન પાક કો સૈયદના હઝરત ઈસાઅલા નળિય્યેના વ અલય હિસલામ તો વસ્સલામ પર ઈન્ઝીલ નાઝીલ હુઈ.
૬. સત્તાવીસ રમઝાન પાક મેં ઈમામુલ અંબિયા વલ મુર્સલીન એહમદે મુજતબા મોહમંદ મુસ્તફા સલ્લલ્લાહો તઆલા અલહિસ્સલામ પર કુર્આન મજીદ નાઝિલ હુઆ (ગુન્નીય તાલેબીન જિલ્દ-૨ સફા-૫)
તા.૧૨/૦૪/૨૨, મંગળવાર.
ખત્મે શહેરી ૪-૫૪
વકતે ઈફતાર ૬-૫૯.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.194

## ગોધરા પાલિકા દ્વારા સીલ કરાયેલ

# પાંચ બાંધકામો અંગે લેવાયેલ નિર્ણયની ચર્ચા માટે યોજાયેલ બોર્ડ મીટીંગ ચર્ચાનો વિષય બની

> ગોધરા નગર પાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારના ગેરકાયદેસર બાંધકામો સીલ કરવામાં આવ્યા. તેની આગળની કાર્યવાહી અંગેની બોર્ડ મીટીંગ યોજવામાં આવી હતી. પરંતુ હાલ એવી ચર્ચાએ વેગ પકડયો છે કે, પાંચ સીલ કરાયેલ બાંધકામો પૈકી એક બાંધકામ માટે મોટા પ્રમાણમાં વહીવટ કરવામાં આવ્યો હોવાને લઈ ઉભી થયેલ ચર્ચાઓને ડામવા માટે નગર પાલિકા દ્વારા ખાસ બોર્ડ મીટીંગ ભરવામાં આવી.

ગોધરા,

ગોધરા શહેર પાલિકા વિસ્તારમાં થયેલ ગેરકાયદેસર બાંધકામો સામે નગર પાલિકા કાર્યવાહ હાથ ધરાઈ હતી અને પાલિકા વિસ્તારના પાંચ ગેરકાયદેસર બાંધકામ સીલ કરવામાં આવ્યા હતા. આવા સીલ કરવામાં આવેલ બાંધકામો અંગે આજરોજ પાલિકા બોર્ડ મીટીંગ યોજવામાં આવી હતી. આ મીટીંગમાં સીલ કરવામાં આવેલ સીલ નહી ખોલવા તેમજ બીજા અન્ય નવા ગેરકાયદેસર બાંધકામો ઉપર પણ કાર્યવાહી કરવામાં આવે તેવા સર્વાનુમતિથી ઠરાવ કરવામાં આવ્યો.

ગોધરા પાલિકાના અલગ-અલગ વિસ્તારોમાં નીતિ નિયમોનું પાલન કર્યા વગર ચાલતા બાંધકામો સામે પાલિકા તંત્ર દ્વારા લાલ આંખ કરીને પહેલા ગેરકાયદેસર બાંધકામોવાળી બિલ્ડીંગ માટે નોટીસ આપવામાં આવી હતી અને આખરે કાર્યવાહી કરીને આવા ગેરકાયદેસર બાંધકામ ધરાવતા અલગ-અલગ વિસ્તારના પાંચ ગેરકાયદેસર બાંધકામો સીલ કરવામાં આવ્યા હતા. સીલ કરવામાં આવેલ બાંધકામોમાં મકનકુવા વિસ્તારનું બાંધકામ, પાંજરાપોળ, વિશ્વકર્મા ચોક, વ્હોરવાડ, પ્રભારોડ પાંચ બાંધકામો સીલ કરવામાં આવ્યા હતા. પાલિકા દ્વારા સીલ કરવામાં આવેલ ગેરકાયદેસર અને નીતિ નિયમોના પાલન કરાયું ન હોય તેવા બાંધકામકર્તાઓ પાસેથી વ્યવહાર કરીને સીલ કરવામા આવેલ બાંધકામોને શરૂ કરવાની વેતરણમાં હોય જેને લઈને પાલિકામાં છુપી ચર્ચાઓ જોર પકડતા આજરોજ ગોધરા પાલિકાની બોર્ડ મીટીંગ ભરવામાં આવી હતી. બોર્ડ મીટીંગમાં શહેરમાં પાલિકા દ્વારા ગેરકાયદેસર બાંધકામો સીલ કરવામાં આવ્યા છે. તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. બોર્ડની મીટીંગમાં ચર્ચાના અને સર્વાનુમત્તે પાલિકા દ્વારા સીલ કરાયેલ બાંધકામોનું સીલ ન ખોલવાનો નિર્ણય લેતો ઠરાવ કરવામાં આવ્યો સાથે પાલિકા વિસ્તારમાં અન્ય આવા ગેરકાયદેસર નીતિનિયમો વગર ચાલતા બાંધકામો સામે પણ કાર્યવાહી કરવામાં આવે તેવા નિર્ણય લેવામાં આવ્યો હતો. પાલિકામાં આજરોજ માત્ર શહેરના વિવિધ વિસ્તારના ગેરકાયદેસર બાંધકામો સીલ કરવામાં આવ્યા હોય તેવા બાંધકામો ઉપરની રોક ચાલુ રાખવી કે બાંધકામ માટે અનુમતી આપવી તે માટે પાલિકા બોર્ડની મીટીંગ ભરાઈ ચર્ચાનો વિષય બન્યો છે.

## ગોધરાની મોજે ભામૈયાની નોંધ નં.૭૦૭ કસ્ટોડીયન મિલ્કતમાં બિનખેડુતોને ખેડુતો બનાવતા ગોધરા શહેર મામલતદારના પર્દાફાશ?

ગોધરા,

મોજે. ભામૈયાના રે.સ.નં.૪૫/૧ વાળી જમીનમાં ખોટી વારસાઈ કરી કરાવી ફારૂક મોહમદ ભાણાના પિતા મોહમદ ઈબ્રાહીમ વિગેરે નોંધ નં.ડેપ્યુટી કસ્ટોડીયન પ્રોપર્ટી પંચમહાલ ગોધરા ટી.એન.સી.૩૩૫૦ તા.૧૬/૧૧/૧૯૫૫ થી તમામ બિનખેડુતોને કમી કરવામાં આવેલ છે. પરંતુ સર્કલ ઓફિસરના મેળાપીપણામાં ખોટી વારસાઈ કરી હિજરતી મિલ્કતો વેચી નાખેલ છે અને સરકારના કાયદા પરીપ્રણો આદેશોનો ભંગ કરી કરાવી શહેર મામલતદાર એમ.એમ.ભાભોર ખેડુત બનાવેલ છે અને શહેર મામલતદાર દ્વારા ટી.એન.સી.કેસ નં.૩૩૫૦ તા.૧૬/૧૧/૧૯૫૫ વહીવટનારે રેકર્ડ રુલશ મુજબ તથા કાયદા અનુસાર નાયબ મામલતદાર મહેશ વાઘેલા તથા શહેર મામલતદાર દ્વારા કોઈ ચકાસણી કર્યા વગર ખોટા બિનખેડુતો બનાવી ખુબ જ મોટા પ્રમાણમાં ગેરરીતિઓ આચરેલ છે. જે તપાસ દરમિયાન નીકળી આવે તેમ છે. આ ફારૂક મોહમદ ભાણાના પિતા મોહમંદ ઈબ્રાહિમ ભાણા બીબી અસ્માન કુરકુરની દિકરી તેમની માતા થાય છે. તેવું ખોટું સોગંદનામું કરેલ છે અને નોંધ નં.૭૦૭માં બિનખેડુત જાહેર કરેલા તેમના પિતા ઈબ્રાહિમ ઈસ્માઈલ ભાણાને ટી.એન.સી.૩૩૫૦ થી ખેડુત માંથી દુર કરેલ છે. તેમ છતાં બીબી અસ્માન કુરકુરની દીકરીની વારસાઈ કરી આ હિઝરતી મિલ્કત વેચી પાડેલ છે. પરંતુ માતા બીબીની મિલ્કત હોય તો પિતા ગણોતમાં કેવી રીતે લડી શકે તે વિગતો ખોટું પીટીશનમાં જણાવેલ વિગતો ગોધરા શહેર મામલતદાર એમ.એમ.ભાભોર કોઈપણ ચકાસણી કર્યા વગર બિનખેડુતોને ખેડુતો બનાવેલ છે. તેમ સર્વે નં.૪૫/૧ વાળી જમીન રીવ્યુ લેવા માટે તથા સરકારશ્રીના નુશાન બદલ એક જાગૃત નાગરિકે પંચમહાલ જીલ્લા કલેકટર તા.૧૧/૩/૨૨ થી અરજી રીવ્યુ કરવા માટે આપેલ જે ગોધરા નાયબ મામલતદાર દ્વારા રીવ્યુ કેસના કાગળો મોકલી આપેલ નથી અને ભુમાફિયાઓ સાથે સરકારશ્રી કાર્યવાહી કરવામાં વિલંબ કરી કરાવેલ છે. જે તપાસ કરી કરવા વિનંતી.

## મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામના જન્મોત્સવની ઉજવણીનું આયોજન


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબામાં ખૂબ જ ભવ્યતા પૂર્વક કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં રામનવમીની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ઘોઘંબા ખાતે પણ રામ નવમીના ઉત્સવ ની ભવ્યતા પૂર્વક ઉજવણી કરવા માટે વિવિધ સંગઠનો દ્વારા હિન્દુ સનાતન ધર્મના રીતરિવાજ મુજબ આયોજન કરવામાં આવ્યો હતો. જેમાં વિશ્વ હિન્દુ પરિષદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ બજરંગ દળ તથા ગામના યુવાનો અને આજુબાજુના ગામના લોકો ખૂબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા. છેલ્લા એકાદ અઠવાડિયાથી તમામ લોકોના પ્રયત્નથી સમગ્ર આયોજન ચાલી રહ્યો હતો. જેના ભાગરૂપે આજે એસ.એચ.વરિયા હાઈસ્કુલ ઘોઘંબાથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યો હતો. જેના માટે બપોરથી જ તૈયારીઓ કરી દેવામાં આવી હતી. ઘોઘંબા તેમજ આજૂબાજૂના ગામના યુવાનો મોટી સંખ્યામાં એસ.એસ.હાઈસ્કૂલ ખાતે ભેગા થયા હતા. સમગ્ર નગરને ધજા-પતાકાઓ થી શણગારી દેવામાં આવ્યું હતું અને એસ.એસ.હાઈસ્કૂલ ખાતે શણગારેલા રથમાં ભગવાન શ્રીરામ તથા ભગવાન સ્વામિનારાયણ ની પ્રતિમા સહિતનો રથ તૈયાર કરી ધજાઓ સહિત યુવાનોએ શોભાયાત્રાની શરૂઆત કરી હતી. શોભાયાત્રામાં ખાસ કરીને મહારાણા પ્રતાપ તથા છત્રપતિ શિવાજીની બેઠકમાં ઘોડા ઉપર બિરાજમાન યુવકોએ ખૂબ જ અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. તેમ જ દેવી-દેવતાઓના ગેટઅપમાં બાળકીઓએ પણ સમગ્ર શોભાયાત્રામાં આકર્ષણ જમાવ્યું હતું. એસવરયા હાઈસ્કુલ થી શરૂ થયેલી શોભાયાત્રા નગરના મુખ્યમાર્ગો ઉપર ડીજેના તાલ સાથે જયશ્રી રામ જયશ્રી રામના નારા સાથે સમગ્ર નગરને અયોધ્યાપુરી સમાન બનાવી દીધો હતો. સમગ્ર ઘોઘંબા નગરી ભગવા રંગે રંગાઈ ગઈ હતી.આ નગરયાત્રાના રોડ ઉપર એસ.એસ.હાઈસ્કુલ થી લઈ અને નવા એસટી ડેપો સુધી સમગ્ર રૂટ ઉપર રાજગઢ પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. રાજગઢ પોલીસ સ્ટેશનના પીએસઆઇ આર ગોહિલ પોતે બપોરના ૩ વાગ્યાથી ખડે પગે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ઊભેલા નજરે પડી રહ્યા હતા અને સમગ્ર ઘોઘંબા નગરના રોડ ઉપર ઠેરઠેર જ્યાં જુઓ ત્યાં પોલીસ તથા હોમગાર્ડને જી.આર.ડી.ના જવાનો બંદોબસ્ત માટે ઊભેલા નજરે પડ્યા હતા. રાજગઢ પોલીસની કામગીરી ખૂબ જ પ્રશંસનીય રહી હતી અને રાજગઢ પોલીસ દ્વારા સમગ્ર શોભા યાત્રા રૂટ ઉપર ટ્રાફિકનું નિયમન પણ ખુબ જ કુનેહપૂર્વક કરી અને ટ્રાફિકની વ્યવસ્થાને પણ સંતુલન પૂર્વક જાળવી રાખી હતી અને સમગ્ર શોભાયાત્રા ખુબજ ધામધુમ પુર્વક લગભગ રાત્રીના ૦૯:૦૦ સુધી ઘોઘંબા નગરમાં ફરી અને એસટી ડેપો ખાતે વિરામ પામી હતી. શોભાયાત્રાને રૂટ ઉપર ઘોઘંબા વેપારી મંડળના પ્રમુખ પ્રજ્ઞેશભાઈ શાહ દ્વારા યાત્રામાં જોડાયેલા તમામ લોકો માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી, તેમજ ભાવિક ભક્તો દ્વારા પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ડીજેના તાલ સાથે અને જયશ્રી રામના નારા સાથે શોભાયાત્રા એ સમગ્ર ઘોઘંબા નગરીને રામ મય અને અયોધ્યાપુરી સમાન બનાવી દીધી હતી.

### જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા દ્વારા

## ૧૩મી એપ્રિલના રોજ દિવ્યાંગ ઉમેદવારો માટે જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગોધરા,

પંચમહાલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા અને દાહોદ દ્વારા તા.૧૩/૦૪/૨૦૨૨ નારોજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગોધરા પંચમહાલ ભોયતળિયું,જિલ્લા સેવા સદન-૨ કલેકટર કચેરી કમ્પાઉન્ડ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે માત્ર ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા મહિલા તથા પુરૂષ ઉમેદવારો માટે જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનારનું આયોજન કરેલ છે.જેમાં દિવ્યાંગ ઉમેદવારોને અનુબંધમ પોર્ટલ રજીસ્ટ્રેશન માર્ગદર્શન, તેમજ સ્વરોજગારલક્ષી એજન્સી દ્વારા સ્વરોજગાર લક્ષી લોન સહાય યોજના અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. તેમજ ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે ધો.૧૦ થી ઓછુ ભણેલા, ધો.૧૦પાસ, ૧૨પાસ, આઈ.ટી.આઈ, ડીપ્લોમા, ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા મહિલા તથા પુરૂષ ૧૮ થી ૪૦ વર્ષ વય મર્યાદા ધરાવતા અનુભવી, બિન-અનુભવી દિવ્યાંગ ઉમેદવારોને ખાનગી ક્ષેત્ર માં રોજગારીની તક/સ્વરોજગારી તક પૂરી પાડવામાં આવશે.આ ભરતીમેળામાં પંચમહાલ જીલ્લાના નોકરીદાતા દ્વારા ટેકનીકલ તથા નોન ટેકનીકલ તેમજ લાયકાત અને શારીરિક ક્ષમતા મુજબની જગ્યાઓ માટે નોકરીદાતા દ્વારા પસંદગી કરવામાં આવશે. ભરતીમેળામાં ભાગ લેવા માંગતા અને રોજગાર કચેરીની સેવાઓનો અવિરત લાભ લેવા માટે અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in વેબસાઈટ પર જોબસીકર તરીકે રજીસ્ટ્રેશન કરાવવા તથા ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણે એક અખબારી યાદીમાં જણાવેલ છે.

### પંચમહાલ જિલ્લાના મહિલા તાલીમાર્થીઓને વૃતીકા (સ્ટાઈપેંડ) યોજના અંતર્ગત

## વર્ષ ૨૦૨૨-૨૩ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે ૩૦મી એપ્રિલ સુધી ઓનલાઈન અરજી કરવા માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાયું

ગોધરા,

પંચમહાલ જિલ્લાના મહિલા તાલીમાર્થીઓને વૃતીકા (સ્ટાઈપેંડ) યોજના અંતર્ગત બહેનો માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે તા. ૩૦-૦૪-૨૦૨૨ સુધી અરજી ઓનલાઈન કરવા માટે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ બાગાયતી પાકોના મૂલ્ય વર્ધન, કેનીંગ અને કિચન ગાર્ડન વિષય પર તાલીમ આપવામાં આવશે. તાલીમ વર્ગમાં તાલીમાર્થીઓની સંખ્યા ઓછામાં ઓછી ૨૦ અને વધુમાં વધુ ૫૦ રહેશે. પંચમહાલ જિલ્લામાં આ યોજનો લાભ લેવા માગતાં ઈચ્છુક બહેનોએ અરજી કરી ને અરજીપ્રિન્ટ સાથે જરૂરી સાધનીક કાગળો સાથે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, રૂમ નં ૯-૧૨, બીજો માળ, જિલ્લા સેવા સદન-૨, કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા ખાતે કચેરી સમય સુધી રજુ કરવાના રહેશે. સંપર્ક ટેલીફોન નં. ૦૨૬૭૨-૨૪૦૦૩૯ છે. જેની પંચમહાલ જિલ્લાના સર્વે બહેનો એ નોંધ લેવા નાયબ બાગાયત નિયામક ગોધરા-પંચમહાલ દ્વારા એક અખબારી યાદી માં જણાવાયું છે.

## હાલોલ પાવાગઢ રોડ ચાની કીટલીની આળમા બોમ્બે વરલી મટકાનો આંક ફરકનો સટ્ટા બુક જુગાર રમાળનાર ઝડપ્યો

હાલોલ,

હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે લોકરક્ષક હેમંતભાઈ તથા એલ.આર.પી.પ્રકાશ ભાઈ સાથે હાલોલ ટાઉન પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન હાલોલ પાવાગઢ રોડ નુરાની સટોર સામે ચાની કીટલીની લારીની બાજુએ એક માણસ જેને સફેદ લાઈનમા વાળુ સર્ટ તથા મહેદી કલરનુ પેન્ટ પહેરેલ વ્યકિત ચાની કીટલીની બાજુએ બેસી જાહેરમાં આવતા જતા માણસો પાસેથી નાણા લઈ વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમાડે છે. અને હાથમા આંકડા લખવાની બુક લઈ ઉભો છે. જે બાબત ની બાતમી આધારે તપાસ વોચ ગોઠવી. હાલોલ પાવાગઢ રોડ નુરાની સ્ટોર સામે ચાની કીટલીની લારી પાસે વોચ ગોઠવી તપાસ દરમિયાન ચાની કેબીન પાછળના ભાગે ઓટલા ઉપર પોતાના હાથમા ડાયરી તથા બોલપેન લઈ બેઠેલો ઈસમ જણાયેલ જેથી સદર ઈસમ ને પકડી તેનું નામ ઠામ પુછતા બતાવેલ. ગોપાલભાઈ ગોરધન દાસ દરજી. ઉ.વ.૬૬.રહે.નુરાની સ્ટોર સામે પાવાગઢ રોડ હાલોલ જી.પંચમહાલ નાઓ હોવાનુ જણાવેલ. ત્યારબાદ આરોપીની અંગ જડતી તપાસ દરમિયાન ૫૪૦રૂપીયા સાથે પકડાએલ આરોપી ગોપાલ ભાઈ ગોરધનભાઈ દરજી પાસેથી સટ્ટા બુક નંગ એક અને બોલપેન તથા કાર્બન પેપર સહિત ૫૪૦ રોકડ મુદ્દામાલ પકડી સદર ઈસમ વિરૂદ્ધ જુગાર ધારા હેઠળ કલમ ૧૨ મુજબ ગુનો નોધી હાલોલ ટાઉન પોલીસ સ્ટાફ દ્વારા કાયદેસર તપાસ ના ચક્રો ગતીમાન કર્યા.

## હાલોલ નૂતન હાઈસ્કુલ ખાતે પડતર માંગણીને મા.શિક્ષકો દ્વારા મધ્યસ્થ મુલ્યાંકન બહિષ્કાર કર્યો



હાલોલ,

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળના નેજા હેઠળ સમગ્ર ગુજરાત રાજ્યના માધ્યમિક શિક્ષકોએ જૂની પેન્શન યોજના લાગુ કરવા સહિતની પોતાની વર્ષો જૂની પડતર માંગણીઓને લઈને સરકારની નીતિ સામે બાંયો ચડાવી લડતના મંડાણ કર્યા છે. જેના અનુસંધાને ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળના આદેશ અનુસાર હાલોલ નગર ખાતેની સ્વ.જી.પી સોમાણી નૂતન હાઈસ્કૂલ ખાતે માધ્યમિક શિક્ષકો મધ્યસ્થ મૂલ્યાંકન બહિષ્કારનો કાર્યક્રમ યોજી પ્રદર્શન કરી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષાની ગુજરાતી પેપરની ઉત્તરવહીઓ ચકાસવાની ઈન્કાર કરી ઉત્તરવહી ચકાસણીનો બહિષ્કાર કર્યો હતો. જેમાં ગુજરાત ભરના માધ્યમિક શિક્ષકોની મહત્વની માગણીઓ જેમાં શિક્ષણ સહાયકની પાંચ વર્ષની નોકરીને સંળગ ગણી તમામ લાભો આપવા, તેમજ જૂની પેન્શન યોજના લાગુ કરવી, અને સાતમા પગાર પંચના બાકીના ત્રણ હપ્તા એરિયર્સ સત્વરે ચૂકવવા સહિતની માંગણી ઉચ્ચારી હતી અને માંગણીઓ સ્વીકારવામાં એકમાત્ર માધ્યમિક શિક્ષકો સાથે સરકાર અન્યાય કરી રહી હોવાનો આક્ષેપ કરી હાલોલ નગરની સ્વ. જી.પી. સોમાણી નુતન હાઈસ્કુલ ખાતે શિક્ષકોએ મધ્યસ્થ મૂલ્યાંકન બહિષ્કાર કાર્યક્રમ અંતર્ગત મધ્યસ્થ મૂલ્યાંકન સ્થળે શિક્ષકોએ હાજરી આપી પેનડાઉન કરી જવાબવહી તપાસવાનો બહિષ્કાર કરી પોતાની પડતર માંગણીઓ પૂર્ણ કરવા માટેની માંગણી ઉચ્ચારી હતી અને જ્યાં સુધી માગણી નહીં સ્વીકારાય ત્યાં સુધી સરકારની નીતિઓ સામે લડત ચાલુ રાખવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

## શહેરાના દલવાડાના બકરા ચરાવવા ગયેલ વયોવૃધ્ધનો મૃતદેહ નવાગામ સીમમાંથી મળ્યો

શહેરા,

શહેરા તાલુકાના દલવાડા ગામના ૬૦ વર્ષીય વયોવૃધ્ધ બકરા ચરાવવા માટે જંગલમાં ગયેલ હતા અને બપોરના સમયે નવાગામની સીમ માંથી મૃતદેહ મળી આવ્યો. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરાના દલવાડા ગામે કૃષ્ણ ફળીયામાં રહેતા લક્ષ્મણભાઈ કાળુભાઈ પટેલ ઉ.વ.૬૦ સવારે ૯ વાગ્યાના સમયે પોતાના ઘરેથી બકરા લઈને ચરાવવા માટે જંગલમાં ગયા હતા. બકરા ચરાવવા ગયેલ લક્ષ્મણભાઈના મરણ ગયેલ હાલતમાં મૃતદેહ નવાગામની સીમ માંથી મળી આવ્યો હતો. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામતાં પોલીસે તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા નજીક કાંસુડી રેલ્વે સ્ટેશન નજીક ટ્રેનની અડફેટમાં અજાણ્યા યુવકનું મોત

ગોધરા,

ગોધરા કાંસુડી રેલ્વે નજીક ડાઉન ટ્રેક ઉપર અજાણ્યા યુવકનો મોત રેલ્વે પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર નજીક આવેલ કાંસુડી રેલ્વે સ્ટેશન પાસે ડાઉન ટ્રેક ઉપર થી ટ્રેનની અડફેટમાં આવેલ અજાણ્યા યુવકનું મોત નિપજાવા પામ્યું. મૃતક યુવકના જમણા હાથના ભાગે એડીનું લખાણ જોવા મળ્યું. રેલ્વે ટ્રેક ઉપર ટ્રેનની અડફટેમાં યુવકનો મૃતદેહ મળી આવતાં રેલ્વે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબ્જો મેળવીને મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પી.એમ.રૂમ ખાતે ખસેડવામાં આવ્યો. મૃતકના વાલીવારસોની ભાળ મેળવવાના પ્રયાસ શરૂ કર્યા છે.